Wednesday 18, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વાપીમાં જ્વેલર્સ ઉપર ચપ્પુથી ઘાતક હુમલો

અભિષેક જ્વેલર્સના સંચાલક પાસે બે મહિના પહેલા યુકેથી વોટ્સએપ કોલ દ્વારા રૂા. ૫ કરોડની ખંડણી માંગવામાં આવી હતી

ગાંધી માર્કેટની યુનિયન બેંક પાસે વોચ રાખી બેઠેલા ત્રણમાંથી એકે ખભા અને પીઠ પર ચપ્પુથી ઘાતક હુમલો કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : વાપી ટાઉનમાં ભર બપોરે જ્વેલર્સ સંચાલકના પુત્ર ઉપર ચપ્પુથી ઘાતક હુમલો થતાં ચકચાર મચી ગઈ છે. બે મહિના પહેલા યુકેથી વોટ્સએપ કોલ દ્વારા ધમકી આપી રૂા. ૫ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. જે મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આજે બપોરે ૧૨.૩૦ કલાકે અભિષેક જ્વેલર્સના સંચાલક પુત્ર લલિત જૈન ગાંધી માર્કેટના પહેલા માળે આવેલી યુનિયન બેંકમાં ગયો હતો, ત્યારે અગાઉથી લાગ જોઈ બેસેલા ત્રણ પૈકી એક ઈસમે સીડી ઉતરતી વેળા લલિત જૈન ઉપર ધારદાર ચપ્પુથી ખભાના ભાગે તથા પીઠના ભાગે હુમલો કર્યો હતો. જોકે હુમલો થતા આજુબાજુના લોકોએ બૂમાબૂમ



કરતા હુમલાખોર ઈસમો ભાગવા માંડ્યા હતા, જે પૈકી એક ઈસમને લોકોએ દોડીને ઝડપી પાડ્યો હતો, જ્યારે બે ઈસમ ભાગી ગયા હતા. ઘટનાને પગલે વાપીના જ્વેલર્સ શોપ સંચાલકોમાં ફફડાટ ફેલાઈ

લોકોએ હુમલાખોરમાંથી એકને ઝડપી પોલીસને સોંપ્યો : ભાગી છૂટેલા અન્ય બે ને પકડવા પોલીસ સક્રિય

જવા પામ્યો છે. ઘટનાની જાણ થતા તુરંત વાપી પોલીસે હુમલાખોર આરોપીને કસ્ટડીમાં લઈ ભાગી છૂટેલા અન્ય બે ઈસમોને ઝડપી પાડવા પીઆઈ કે. બી. ઝાલાની ટીમે ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાની ગંભીરતાને લઈ એલસીબી, વાપી વિભાગ નાયબ પોલીસ અધિક્ષક દવે, એલસીબી પીઆઈ એ. યુ. રોઝ, જિલ્લા પોલીસ અધિક્ષક જાડેજા વાપી ટાઉન પોલીસ ખાતે ધસી આવ્યા હતા, તો મોડી સાંજે રેન્જ આઈજી પ્રેમવીરસિંહ પણ આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે ૧૮ સપ્ટેમ્બરના ત્રણ-ચાર દિવસ પહેલા જ્વેલર્સ સંચાલકને એક ગેંગના નામે વોટ્સએપ કોલથી રૂા.૫ કરોડની ખંડણી માંગી હતી અને રકમ ન આપે તો પરિણામ ભોગવવાની ધમકી આપી હતી.

બાઈક પર ભાગેલા હુમલાખોરે ફેંકી દીધેલું ચપ્પુ મળ્યું

ધમકી બાદ પોલીસે લાભ પાંચમ સુધી પેટ્રોલિંગ ચાલુ રાખ્યું હતું

પોલીસે અભિષેક જ્વેલર્સના સંચાલકને મળેલી ધમકી બાદ સતત તેના ઘરે અને દુકાન બહાર પેટ્રોલિંગ ચાલુ રાખ્યું હતું અને બીજી તરફ તેને જે વોટ્સએપ કોલથી ધમકી મળી હતી તેની તપાસ ચાલુ રાખી હતી. તાજેતરમાં દિવાળીના તહેવાર અને લાભ પાંચમ સુધી પોલીસની ગાડી અને સિવિલ ડ્રેસમાં પોલીસ મુખ્ય બજાર રોડ ઉપર પેટ્રોલિંગ ચાલુ રાખ્યું હતું. છતાં આજે બપોરે તકનો લાભ લઈ હુમલાખોરોએ જ્વેલર્સ સંચાલક પર હુમલો કર્યો હતો.

એમાં સંડોવાયેલા ત્રણ પૈકી એક હુમલાખોરને લોકોએ ઝડપી લીધો હતો. જ્યારે જ્વેલર્સ ઉપર હુમલો કરી ભાગેલા ઈસમે ભાગતા ભાગતા રસ્તામાં એક દુકાન આગળ હુમલામાં વાપરેલું ચપ્પુ ફેંકી દીધું હતું, જેની દુકાનદાર દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે તે ચપ્પુ કબ્જે લીધું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ હુમલાખોર ઈસમો બાઈક પર આવ્યા હતા. અને બે દિવસ થી રેકી કરતા હોવાનું સીસી ટીવી ફુટેજમાં કેદ થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે આ હુમલાખોરો ખરેખર અગાઉ ધમકી આપનાર ગેંગ ના જ છે કે લૂંટ ના ઈરાદે આવેલા તે અંગે પોલીસ તપાસ ચાલુ છે.

વલસાડ ઔરંગા નદી પર નવા બ્રિજના ગર્ડર ચઢાવવાનું શરુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૭ : વલસાડ માર્ગ મકાન વિભાગ દ્વારા આજથી વલસાડના કૈલાસ રોડ પર ઔરંગા નદીના નવા બ્રિજની કામગીરી માટે ચાર દિવસ સુધી રસ્તો બંધ કરી આજથી બે મહાકાય ક્રેનની મદદથી ગર્ડર ચઢાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

વલસાડ શહેરના કૈલાશ રોડ પર ઔરંગા નદી ઉપર નિર્માણાધીન નવા પુલની કામગીરી આજરોજ બાંધકામ સ્થળ પર બે મહાકાય હેવી-ડ્યુટી ટેલિસ્કોપિક ક્રેનની મદદથી પુલના

બે મહાકાય ક્રેનની મદદથી ગર્ડર ચઢાવવાની કામગીરી યુદ્ધના ધોરણે : આ નવો અને ઊંચો પુલ તૈયાર થતા હજારો નાગરિકોને રાહત થશે



પિલર ઉપર વિશાળ પ્રી-કાસ્ટ કોંક્રીટ ગર્ડર ચઢાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

માર્ગ અને મકાન વિભાગની દેખરેખ હેઠળ સુરક્ષાના તમામ માપદંડોને ધ્યાનમાં રાખીને બ્રિજ નિર્માણનું આ કાર્ય ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. ગર્ડર લોન્ચિંગની આ મહત્વપૂર્ણ કામગીરીને પગલે સ્થળ પર ટેકનિકલ નિષ્ણાતો અને એન્જિનિયરોની ટીમ સતત ખડેપગે રહી કામગીરીનું નિરીક્ષણ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, કૈલાશ રોડ પરનો જૂનો પુલ નીચો હોવાથી ચોમાસામાં નદીમાં પૂર આવે ત્યારે પાણી ફરી વળતા હતા, જેના કારણે વાહનવ્યવહાર ઠપ થઈ જતો હતો.

હવે આ નવો અને ઊંચો પુલ તૈયાર થતા જ વલસાડ અને ખેરગામ રોડ પર આવેલા ૨૦ જેટલા ગામોના ગ્રામજનો અને વલસાડ શહેરના હજારો વાહનચાલકોને રોજિંદા ટ્રાફિક જામ તેમજ ચોમાસામાં પડતી હાલાકીમાંથી મોટી રાહત મળશે.

વાપીથી વિરપુર સુધી પાલખી-પદયાત્રા રવાના



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : વાપીના કોળીવાડ ખાતે આવેલા જલારામ મંદિરથી સતત બીજા વર્ષે જલારામ ભક્તોની પાલખી સાથે પદયાત્રા વિરપુર જવા રવાના થઈ છે.વાપી કોળીવાડ ખાતે ૨૧ વર્ષ પૂર્વે બનાવવામાં આવેલ શ્રી જલારામ મંદિર હજારો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. અહીં દરેક ધાર્મિક પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવે છે, જેમાં અહીંના જલારામ મંડળના ખંડુભાઈ પટેલ સહિતના આગેવાનો દ્વારા ગયા વર્ષે વિરપુર સુધી પાલખી સાથે પદયાત્રા કાઢવાનું શરૂ કરેલું, જે બીજા વર્ષે પણ ચાલુ રાખ્યું છે. ગઈકાલે જલારામ જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી બાદ જલારામ બાપાની પાલખી સાથે પદયાત્રા વિરપુર જવા રવાના થઈ હતી. જેમાં મનપાના કાઉન્સિલર ખંડુભાઈ પટેલની આગેવાનીમાં ૩૫ જેટલા પદયાત્રી સહિત ૫૫ લોકો જોડાયા છે. આ પદયાત્રા ૨૯ નવેમ્બરના રોજ જલારામ ધામ વિરપુર ખાતે પહોંચશે.

લવાછામાં 'શ્યામ બુલાવા'

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૭ : દેવ ઉઠી અગિયારસ અને તીર્થધામ પંચદેવ મંદિર લવાછાના પાટોત્સવ પ્રસંગે શ્યામ પરિવાર સેલવાસ દ્વારા ભવ્ય ભજન સંધ્યા 'શ્યામ બુલાવા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાબાનો ભવ્ય દરબાર, અખંડ જયોતિ દર્શન, ૫૬ ભોગ અને ભવ્ય આરતીનું પણ આયોજન છે. તા. ૨૦ નવેમ્બરને શુક્રવારે સાંજે ૭ વાગ્યાથી કાર્યક્રમો યોજાશે જેનો ભાવિક ભક્તોને લાભ લેવા અનુરોધ કરાયો છે.







કોષ્ટક	ક્રમ	કેટેગરી	અનાજ	મળવાપાત્ર જથ્થો	જિલ્લા
કોષ્ટક-૧	૧	અંત્યોદય કુટુંબો (AAY)	ઘઉં	કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા.	તમામ જિલ્લાઓ માટે
	૨		ચોખા	કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા.	
	૩	અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	ઘઉં	વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા.	
	૪		ચોખા	વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા.	

ક્રમ	આવશ્યક ચીજવસ્તુ	કેટેગરી	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર
૧	તુવેરદાળ	N.F.S.A કુટુંબો	કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.	₹.૫૦
૨	ચણા	N.F.S.A કુટુંબો	કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.	₹.૩૦
૩	ખાંડ	અંત્યોદય કુટુંબો	૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા	₹.૧૫
			૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા	
			૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા	
		બી.પી.એલ કુટુંબો	૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા	₹.૨૨
			૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા	
			૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા	
૪	મીઠું	N.F.S.A કુટુંબો	કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.	₹.૧



સુરખાઈમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૧૭ : આદિજાતિ વિકાસ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર, નવસારીના સંયુક્ત ઉપક્રમે ચીખલી તાલુકાના સુરખાઈ ગામે આવેલી ધોડિયા સમાજની વાડી ખાતે જનજાતિય ગૌરવ સપ્તાહ અંતર્ગત પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં છોટાઉદેપુર લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા મુખ્ય મહેમાન તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા મુખ્ય મહેમાન તથા સાંસદ જશુભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજી માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહોતા, પરંતુ તેઓ જનજાતિ સમાજના સ્વાભિમાન, એકતા અને સામાજિક જાગૃતિના પ્રતીક હતા. તેમણે જળ, જંગલ અને જમીનના અધિકારો માટે અંગ્રેજ શાસન સામે ઉલગુલન એટલે કે મહાન ક્રાંતિનું નેતૃત્વ કર્યું હતું.

માત્ર ૨૫ વર્ષની નાની વયે તેમણે દેશ અને સમાજ માટે જે બલિદાન આપ્યું તે આવનારી પેઢીઓ માટે હંમેશાં પ્રેરણારૂપ રહેશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે,૧૫ નવેમ્બરનો દિવસ માત્ર એક જન્મજયંતિની ઉજવણી નથી, પરંતુ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતિ સમાજના અમૂલ્ય યોગદાનને યાદ કરવાનો અને આપણા ગૌરવવંતા ઈતિહાસને નવી પેઢી સુધી પહોંચાડવાનો અવસર છે.

આ કાર્યક્રમમાં પ્રેરક ઉપસ્થિતિ તરીકે ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, પ્રાંત અધિકારી નિશાંત કુંગશિયા, તથા ઈ.ચા. પ્રયોજના વહીવટદાર પ્રિયંકા મનત, સહિતના મહાનુભાવો અને વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ખારેલમાં પરંપરાગત દેશી ગ્રામીણ રમતોનો ઉત્સવ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૧૭ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત ગણદેવી તાલુકાના કે. વી. એસ. હાઈસ્કૂલ ખારેલ ખાતે નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ ની ઉપસ્થિતિમાં દેશી ગ્રામીણ રમોત્સવ યોજાયો હતો.



આ રમોત્સવમાં ગિલ્લી-દંડા, ભમરડો, લંગડી, લખોટી, સાતોડિયું, દોરડાખેંચ, કોથળા દોડ, આટાપાટા, કબડ્ડી, ખો-ખો અને લીંબુ-ચમચી સહિતની પરંપરાગત ગ્રામીણ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંઘર્ષ અને સંસ્કૃતિને નવી પેઢી સુધી પહોંચાડવાનો અવસર છે. પરંપરાગત ગ્રામીણ રમતોનું જતન થાય અને યુવાનો આ રમતો સાથે જોડાય તે જરૂરી છે. આવી રમતો શારીરિક સ્વાસ્થ્ય, સ્ફૂર્તિ, સામૂહિક ભાવના અને ખેલદિલીનો વિકાસ કરે છે.

આ પ્રસંગે ગામના આગેવાનો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદાના ગોધાબારીમાં રામકથાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૧૭ : કથાકાર મેહુલ જાની વાસદા તાલુકાના ગોધાબારી ગામમાં શ્રી તેલે હનુમાનજી મંદિરના લાભાર્થે ભવ્ય રામકથા નો પ્રારંભ થયો છે શ્રી રામ ભજન મંડળ અને સમસ્ત ગ્રામજનો દ્વારા ભવ્ય રામકથા નું આયોજન કરવામાં આવ્યું છે કથાના વક્તા વિશ્વપ્રસિદ્ધ કથાકાર મેહુલભાઈ જાની ખેરગામ વાળા કથાનું રસપાન કરાવી રહ્યા છે તેમની આકર્ષણ વાણી ના પ્રભાવથી ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો કથાનું શ્રવણ કરી રહ્યા છે કથામાં દરરોજ ૨૦૦૦ થી વધારે ભક્તો ભોજન અને કથાનો લાભ લઈ ધન્ય બને છે પૂજ્ય બાપુએ કહ્યું હતું કે સંપત્તિની સાચવણી માટે શાસ્ત્ર અને સંસ્કારની ખૂબ જ જરૂર છે. યુવાનો દ્વારા ભક્તિ કરવામાં આવે તો વિશ્વને ભારત તરફ આવવું પડશે રામકથામાં મર્યાદા અને પરિવારમાં એકતા શીખવાનું કામ કરે છે. સમસ્ત ગોધા બારી માં ભવ્ય તેલે હનુમાનજી મંદિરના નિર્માણ થઈ રહ્યું છે તેના લાભાર્થી કથા છે વાંસદા, હનુમાનબારી, ગોધાબારી મોટી ભમતી, કિલાદ, મનપુર, સીતાપુરના વિશાળ ભક્તો કથાનું શ્રવણ કરી રહ્યા છે આ કથાને સફળ બનાવવામાં વિજયભાઈ થોરાટ સુનિલભાઈ સરપંચ તથા સમસ્ત યુવા મંડળ ખૂબ જ મહેનત કરી રહ્યા છે પૂજ્ય બાપુએ ૪૧ વર્ષની ઉંમરમાં ૩૪૧ ની કથા કરી રહ્યા છે.

ચીખલી પંથકમાં જલારામ જયંતિની ઠેર ઠેર ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલીતા.૧૭ : ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી દરેક જગ્યાએ સાંજના સમયે મહાપ્રસાદનું આયોજન કરાતા ભાવિક ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ચીખલી પંથકમાં કાવેરી નદી કિનારે છેલ્લા કેટલાક વર્ષોથી જલારામ સેવા સમિતિ દ્વારા જલારામ બાપાની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે અને સાંજના સમયે મહાપ્રસાદનું આયોજન કરાતા હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો મહાપ્રસાદનો લાભ લેતા હોય છે જ્યારે ચીખલી નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં પણ જલારામ જયંતીની ઉજવણી તેમજ મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવતું હોય છે જ્યારે સમરોલી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પણ જલારામ જયંતિની ભવ્ય ઉજવણીની સાથે મહાપ્રસાદ નું આયોજન થતું રહ્યું છે જ્યારે ઘેજ અને તલાવચોરા ગામે પણ જલારામ જયંતીની ભવ્ય ઉજવણી સાથે મહાપ્રસાદ નું આયોજન કરાતા મોટી સંખ્યામાં ભાવિક ભક્તો મહાપ્રસાદનો લાભ લેતા હોય છે એટલું જ નહીં પરંતુ દેગામ તથા રાનકુવા વિસ્તારમાં પણ જલારામ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે.

વાંસદામાં અવધૂતી આનંદ ભજન કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૧૭ : અલખનો આરાધક નારેશ્વર નિવાસી સંત પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજની રચનાઓ એટલે અવધૂતી આનંદ ના ભજનોનો ભવ્ય કાર્યક્રમ વાંસદા ખાતે યોજાશે. આ ભજન કાર્યક્રમમાં પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ દ્વારા રચિત ભાવવાહી ભજનોનું ગાન કરવામાં આવશે. ભક્તોને ભક્તિ, શ્રદ્ધા અને આનંદનો અવિસ્મરણીય અનુભવ થશે. સમસ્ત ભાવિક ભક્તોને આ પાવન પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ છે. જેમાં - કાર્યક્રમે અવધૂતી આનંદ - ભજનોનો કાર્યક્રમ, - સમય રાત્રે ૮-૩૦ કલાકે અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ગુલાબ વાટિકા સોસાયટી, બસ સ્ટેન્ડ નજીક, વાંસદા, જિ. નવસારી ખાતે યોજાશે. ભક્તોએ આ અવસરનો લાભ લેવા આયોજકો અને સમન્વય ગ્રુપ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આહવામાં ૧૦૮ ઈમરજન્સી દ્વારા સફળ પ્રસૂતિ કરાવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૧૭ : ગુજરાતની જીવાદોરી સમાન ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ વધુ એક વખત પોતાની ઉત્કૃષ્ટ અને માનવતાવાદી સેવાના દર્શન કરાવ્યા છે. આહવાથી વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલ ગર્ભવતી મહિલા દીપિકાબેન રામદાસભાઈ સૂર્યવંશીને રસ્તામાં અચાનક જ ગંભીર અને જટિલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.જ્યારે એમ્બ્યુલન્સ કુર્કસ ગામ નજીક પહોંચી, ત્યારે ગર્ભવતી મહિલાને બ્રીચ પ્રેઝન્ટેશન (બ્રીચ ડિલિવરી) જેવી અત્યંત જોખમી અને ગંભીર સમસ્યા સર્જાઈ હતી.આ કટોકટીની પળોમાં જરાય ઘબરાયા વગર, EMT અંકિતભાઈ ગાયકવાડ અને પાયલોટ



દિનકરભાઈ પટેલે પોતાની અદ્ભુત કુશળતા, વ્યાવસાયિકતા અને સમયસૂચકતા દાખવી હતી.

તેમણે ત્વરિત પગલાં રૂપે અમદાવાદ સ્થિત ERCP ડૉ. રામાનીનો સંપર્ક સાધી તેમની માર્ગદર્શક તબીબી સલાહ મેળવી હતી. ડોક્ટરની સલાહ મુજબ દર્દીને તાત્કાલિક ઓ

ક્સિજન, જરૂરી ઇન્જેક્શન અને સલાઈનની બોટલ ચડાવવામાં આવી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સની અંદર જ ખૂબ જ સાવચેતીપૂર્વક સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી,જેના કારણે માતા અને બાળક બંનેનો જીવ બચી ગયો હતો. પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુ બંનેને વધુ અને સુરક્ષિત સારવાર માટે નજીકની CHC વઘઈ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકલ્પનીય અને સમયસરની મદદથી અત્યંત પ્રભાવિત થયેલા દર્દીના પતિએ ૧૦૮ના કર્મચારીઓ - EMT અંકિતભાઈ ગાયકવાડ અને પાયલોટ દિનકરભાઈ પટેલની સરાહનીય કામગીરીને બિરદાવીને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ અમદાવાદના ERCP ડૉ. રામાની, EME અરવિંદ ચૌધરી અને ધવલ પટેલ સમગ્ર સ્ટાફને ઉષ્માભેર અભિનંદન પાઠવ્યા છે.

આહવામાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા. ૧૭ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧ મી જન્મ જયંતી નિમિત્તે ઉજવાઈ રહેલ જનજાતીય ગૌરવ દિવસ પખવાડિયું અંતર્ગત આજરોજ ડાંગ જિલ્લા પંચાયત ખાતે પ્રબુધ્ધ નાગરિક સંમેલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી ડો. જયરામભાઇ ગામીતે ભગવાન બિરસા મુંડાજીના જીવન, સંઘર્ષ અને આદિવાસી સમાજના હક, અધિકાર તથા અસ્મિતાના રક્ષણ માટે આપેલા યોગદાનને યાદ કરતાં પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજી માત્ર આદિવાસી સમાજના જ નહીં, પરંતુ સમગ્ર દેશના ગૌરવ અને પ્રેરણાના પ્રતીક છે. તેમણે અન્યાય અને શોષણ સામે લડીને સમાજમાં સ્વાભિમાન, એકતા અને જાગૃતિનો સંદેશ આપ્યો હતો. તેમનું જીવન આપણને પોતાની સંસ્કૃતિ, પરંપરા અને ધરતી પ્રત્યે



ગૌરવ રાખવાની સાથે શિક્ષણ, સંગઠન અને વિકાસના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. આજના યુવાનો ભગવાન બિરસા મુંડાજીના આદર્શોને જીવનમાં ઉતારી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય યોગદાન આપે તે સમયની માંગ છે.

આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીત, ઉપ પ્રમુખ ઉષાબેન પટેલ, આહવા તાલુકા પંચાયત પ્રમુખ વિણાબેન ગાગુર્ડે, વઘઇ તાલુકા પંચાયત પ્રમુખ શંકુતલાબેન પાડવી, આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિરામભાઇ સાંવત, માજી ધારાસભ્ય ગોંવિદભાઇ પટેલ, વાસુર્ણા રાજવી ધનરાજસિંહ સુર્યવંશી, ભાજપા પાર્ટી પ્રમુખ સુરેશભાઇ ચૌધરી સહિત જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેક્ટર હિતેશ જણકાટ, પ્રાયોજના વહીવટદાર ડો.મયુર પરમાર સહિતના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગણદેવીના નાંદરખા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દેશી ગ્રામીણ રમોત્સવ યોજાયો



નવસારી, તા. ૧૭ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત ગણદેવી તાલુકાના નાંદરખા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં દેશી ગ્રામીણ રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રમોત્સવમાં પ્રાચીન સમયની અને ધીમે ધીમે વિસરાતી જતી પરંપરાગત ગ્રામીણ રમતો જેવી કે ગિલ્લી-દંડા, ભમરડો, લંગડી, લખોટી, સાતોડિયું, દોરડાખેંચ, કોથળા દોડ, આટાપાટા, કબડ્ડી, ખો-ખો, લીંબુ-ચમચી સહિતની વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ રમતગમત પ્રત્યેનો ઉમંગ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિની ઉજવણી માત્ર ઔપચારિક ન રહેતાં તેમની પ્રેરણાદાયી વિચારધારા, સંઘર્ષ અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસને નવી પેઢી સુધી પહોંચાડવાનો અવસર છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ જનજાતીય ગૌરવ અને આદિવાસી સંસ્કૃતિના જતન માટે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આપણી પરંપરાગત ગ્રામીણ રમતોને નવી પેઢી સુધી પહોંચાડવી અને બાળકોને આ રમતો શીખવવી ખૂબ જરૂરી છે. આવા રમોત્સવમાં તમામ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ. આ રમતો માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત નથી, પરંતુ શારીરિક સ્વાસ્થ્ય, સ્ફૂર્તિ, સામૂહિક ભાવના અને ખેલદિલીનો વિકાસ કરવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ રમોત્સવના માધ્યમથી પ્રાચીન ગ્રામીણ રમતોનું જતન થાય અને નવી પેઢી આપણી પરંપરાગત રમત-ગમતની સંસ્કૃતિથી પરિચિત બને તેવો ઉમદા આશય વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ઈન્ચાર્જ વાંસદા પ્રાયોજના અધિકારી આસ્થા સોલંકી, આદિજાતિ વિકાસ કમિશનર દિવ્યેશભાઈ, વાંસદા પ્રાયોજના મદદનીશ કમિશનર પી.ડી. મનાત, તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, અગ્રણી સનમભાઈ પટેલ, ગામના આગેવાનો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રવિ પાકના વાવેતર અને પિયતના પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા ખેડૂતોને અનુરોધ

નવસારી, તા. ૧૭ : ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અલ નીનોની અસરના કારણે ચોમાસાના વરસાદમાં અનિયમિતતા અને જળાશયોમાં પાણીની અછતની સ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતોને રવિ પાકનું વાવેતર ઉપલબ્ધ પિયતના સ્ત્રોત મુજબ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ખેડૂતોએ ખરીફ પાકની લણણી બાદ સમયસર જમીન તૈયાર કરી ભેજનો મહત્તમ ઉપયોગ કરવો. વાવણી પહેલાં બિયારણને ભલામણ મુજબ ફૂગનાશક અને કીટકનાશક દવાનો પટ આપવો તથા રાઈઝોબિયમ અને પીએસબી જેવા જૈવિક ખાતરોનો ઉપયોગ કરવો. છોડની પૂરતી સંખ્યા જળવાઈ રહે તે માટે બિયારણનો દર ૧૫થી ૨૦ ટકા વધારવો અને બે હાર વચ્ચેનું અંતર ઘટાડવું. વાવણી અને પિયતનું આયોજન હવામાન વિભાગ તથા કૃષિ યુનિવર્સિટીની ભલામણ મુજબ કરવું. પાણીની બચત માટે ખુલ્લા ધોરિયાને બદલે ટપક પિયત પદ્ધતિ અપનાવવાથી ઉપથી ૫૦ ટકા પાણીની બચત થઈ શકે છે. જમીનમાં ભેજ જાળવવા મલ્ચિંગ, પાકના અવશેષોનો ઉપયોગ, હળવી આંતરખેડ અને સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરવા પણ સૂચન કરવામાં આવ્યું છે.

રવિ ઋતુમાં ચણા માટે ગુજરાત ચણા-૧, ૨, ૫, ૬ (બિનપિયત), ૭, ૮, ૧૪ તથા ગુજરાત જૂનાગઢ ચણા-૩ અને ૬, વાલ/પાપડી માટે જી.એન.આઈ.બી.-૨૧ અને ગુજરાત વાલ-૨ જાતોની પસંદગી કરી શકાય છે. જ્યારે ઘાસચારા માટે રજકો-આણંદ-૨, ઓટ-કેન્ટ, જુવાર-જી.એફ.એસ.-૫, ૬, ૭ તથા મકાઈ-ગુજરાત આણંદ પીળી મકાઈ સંકર-૩, આફ્રિકન ટોલ અને આણંદ ટોલ જાતો ભલામણ કરવામાં આવી છે.

ખેડૂતોને રવિ ઋતુમાં પાણીની ઉપલબ્ધતા મુજબ પાક આયોજન અને કરકસરયુક્ત પિયત કરવા અપીલ કરવામાં આવી છે. વધુ માર્ગદર્શન માટે ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી અથવા તાલુકા-જિલ્લા ખેતીવાડી કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૮-૧૧-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** કારતક સુદ ૯, **સૂર્યોદય :** ૦૬ : ૫૯ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૦, **ચંદ્રોદય** - ૦૧:૩૩ **ચંદ્રાસ્ત** - ૦૧:૨૮ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - શત તારકા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : માનસિક ઉર્જા જાળવી રાખવા વડીલોની સલાહ અને પૌષ્ટિક આહાર લેવો. નવું કામ શરૂ કરતા પહેલા જૂનું કામ પૂરું કરવું.

વૃષભ (બ, વ, ઉ) : પરિવારના સભ્યોની વાત ધ્યાનથી સાંભળો, મૂંઝવણનો ઉકેલ મળશે. ધનલાભ માટે સારો દિવસ છે.

મિથુન (ક, ઘ, ચ) : બુદ્ધિના દાતા બુધનો ઉદય થવાથી નિર્ણય શક્તિ મજબૂત બનશે. વેપારમાં અણધારી સફળતા મળી શકે છે.

કર્ક (ડ, હ) : મનપસંદ સફળતા મળવાના યોગ છે. સંતાન તરફથી ખુશખબરી મળશે અને આત્મવિશ્વાસ વધશે.

સિંહ (મ, ટ) : જવાબદારીઓ વધી શકે છે. વ્યાપારમાં લાંબા ગાળાનું જોખમ લેવાનું ટાળવું. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

કન્યા (પ, ઠ, ણ) : આયોજિત કાર્યો સમયસર પૂરા થશે. આર્થિક સ્થિતિ સુધરશે અને દિવસ આનંદમાં પસાર થશે.

તુલા (ર, ત) : ખર્ચ પર કાબૂ રાખવો. પરિવારમાં વિવાદ ટાળવા માટે મધુર વાણીનો -યોગ કરવો.

વૃશ્ચિક (ન, ય) : ચંદ્ર તમારી જ રાશિમાં છે. માનસિક શાંતિ રહેશે અને ધાર્યા કામો પાર પડશે, પરંતુ ઉતાવળા નિર્ણયો ન લેવા. ગુસ્સા પર કાબૂ રાખવો તમારા માટે ફાયદાકારક રહેશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : ધનહાનિથી સાવધાન રહેવું. બિનજરૂરી મુસાફરી કે રોકાણ ટાળવું અને શાંતિથી દિવસ પસાર કરવો.

મકર (ખ, જ) : સામાજિક કાર્યોમાં માન--તિષ્ઠા વધશે. મિત્રોનો સાથ સહકાર સારો એવો મળી રહેશે.

કુંભ (ગ, સ, શ, ષ) : નોકરીમાં અધિકારીઓનો સહયોગ મળશે. -મોશન કે નવી જવાબદારી મળવાના સંકેતો છે.

મીન (દ, ચ, થ, ઝ) : શનિની સ્થિતિને કારણે શિસ્ત જાળવવી. અધૂરા સરકારી કાર્યોમાં વધુ મહેનત કરવી પડી શકે છે.આરામ અને આધ્યાત્મિક -વૃત્તિઓ માટે સાંજનો સમય ઉત્તમ રહેશે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી — બુધવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૩૨

	1			4				7
3			6	5	8			
	8	9						
9		3	1		5			
	4	1				2	6	
			4		6	3		1
						5	8	
			5	8	3			9
5				9			7	

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૧નો ઉકેલ

7	3	5	4	6	8	9	2	1
4	2	9	3	1	5	8	6	7
6	8	1	7	2	9	5	4	3
3	4	6	8	7	2	1	9	5
5	9	7	6	4	1	3	8	2
8	1	2	9	5	3	6	7	4
1	6	4	5	8	7	2	3	9
9	5	8	2	3	4	7	1	6
2	7	3	1	9	6	4	5	8

ધરમપુરમાં જલારામ જયંતિની વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી કરાઈ

શોભાયાત્રામાં જલારામ બાપા અને વીરબાઈ માતાના વેશમાં સજ્જ નાના ભૂલકાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યાં





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૭ : ધરમપુરમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે હનુમાન ફળિયા અને મોટા બજાર વિસ્તારમાં આવેલા જલારામ બાપાનાં મંદિરોમાં વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો સાથે જન્મજયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

સવારથી જ હનુમાન ફળિયાના જલારામ બાપાના મંદિરે ભજન-કીર્તનના કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. સવારે ૧૦ વાગ્યે જલારામ બાપાની તસવીરને શણગારી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં લોહાણા સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. શોભાયાત્રા દસોંદી ફળિયા, લક્ષ્મીનારાયણ મંદિર, મોટા બજાર, ટાવર, પ્રભુ ફળિયા અને સમડી ચોક થઈ પુનઃ જલારામ બાપાના મંદિરે પહોંચી હતી. માર્ગમાં મહિલા ભક્તોએ ગરબા રમી, ભજનો અને ધૂન ગાઈ સમગ્ર નગરને જલારામમય બનાવી દીધું હતું.શોભાયાત્રામાં નાના ભૂલકાઓ ધ્યાના રાંચ અને હિયા પારેખને જલારામ બાપા તથા વીરબાઈ માતાના વેશમાં સજાવી ગાડીમાં ઊભા રાખવામાં આવ્યાં હતાં. તેમનો આ સુંદર વેશ ઉપસ્થિત લોકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

સાંજે સત્યનારાયણ ભગવાનની કથા, છપ્પન ભોગ તથા જલારામ બાવનીના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જલારામ બાપાના જીવનચરિત્ર અને તેમના સેવાકાર્યોનું સ્મરણ કરી ભક્તોએ ભાવપૂર્વક દર્શનનો લાભ લીધો હતો. સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બપોરે અને સાંજે યોજાયેલી મહાપ્રસાદીનો મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી

વાપી મનપાના વિભાગોનું સ્થળાંતર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : વાપી મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટાફમાં વૃદ્ધિ થતાં પાણી ખાતા, જન્મ-મરણ વિભાગ, ટેક્સ વિભાગ, સફાઈ વિભાગની શાખા અને સ્ટાફને મોરારજી દેસાઈ ભવનમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું. તો ટાઉન પ્લાનિંગ વિભાગ, મહેસૂલ શાખા, ઓડિટ શાખા જૂની મનપા કચેરીમાં કાર્યરત હતી, જેને પણ આજે સોમવારના રોજ મોરારજી દેસાઈ ભવનમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ ત્રણ કચેરીઓનું આજે મનપાના મેયર દક્ષાબેન પટેલ અને ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. હવે મનપાની જૂની કચેરીમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તેમજ કમિશનર, ૨ ડેપ્યુટી કમિશનરની કચેરી કાર્યરત રહેશે. આ ઉપરાંત અહીં શાસક પક્ષના નેતા અને વિરોધ પક્ષના નેતા માટે કેબિન વ્યવસ્થા કરવામાં આવે તેવી શક્યતા છે.

દમણમાં કોસ્ટગાર્ડના પ્રથમ DCOFT-I બેચની પાસિંગ આઉટ પરેડ યોજાઈ

ભારતીય કોસ્ટગાર્ડે દરિયાઈ સુરક્ષા અને ઉડ્ડયન તાલીમના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા.૧૭ : ભારતીય કોસ્ટ ગાર્ડે દમણ સ્થિત ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન ખાતે -થમ ડોર્નિયર કન્વર્ઝન અને ઓપરેશનલ ફ્લાઈંગ ટ્રેનિંગ (DCOFT-I) બેચની પાસિંગ આઉટ પરેડનું આયોજન કરીને ઉડ્ડયન તાલીમ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું. ૧૭ નવેમ્બરના રોજ યોજાયેલા સમારોહમાં તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા આઠ અધિકારીઓને પ્રતિષ્ઠિત કોસ્ટ ગાર્ડ એવિએટર્સ વિંગ્સ એનાયત કરવામાં આવ્યા. આ સાથે, આ અધિકારીઓ હવે દરિયાઈ એવિએટર્સ તરીકે સેવા આપવા માટે લાયક બન્યા છે.

આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઈન્સ્પેક્ટર જનરલ ભીષ્મ શર્મા, પેટીએમ, ટીએમ, કમાન્ડર વેસ્ટર્ન રિજન, ભારતીય કોસ્ટ ગાર્ડ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ પૂર્ણ કરનારા અધિકારીઓને અભિનંદન આપતા તેમણે જણાવ્યું હતું કે આ સિદ્ધિ તેમની વ્યાવસાયિક કુશળતા, સમર્પણ અને કઠોર તાલીમનું પરિણામ છે. તેમણે અધિકારીઓને તેમની કાર્યકારી જવાબદારીઓ અત્યંત સમર્પણ અને ખંતથી નિભાવવા વિનંતી કરી.

પ્રથમ DCOFT-I બેચની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થવાને ભારતીય કોસ્ટ ગાર્ડની ઉડ્ડયન તાલીમ ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. આ સિદ્ધિ ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન દમણ અને ડોર્નિયર તાલીમ ફ્લાઈટ વચ્ચે ઉત્તમ સંકલન, સમર્પણ અને વ્યાવસાયિકતાનું પણ પ્રદર્શન કરે છે.

તાલીમ પૂર્ણ કરનારા આ અધિકારીઓને હવે દરિયાઈ દેખરેખ, શોધ અને બચાવ કામગીરી અને ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની સુરક્ષા જેવી મહત્વપૂર્ણ ફરજો માટે અદ્યતન તાલીમ મળશે. આ સમારોહમાં અધિકારીઓના પરિવારો અને અનેક પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા. સમારોહ દરમિયાન, અધિકારીઓની સફળતામાં તેમના પરિવારોના સમર્થન અને યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી.

પાથરીમાં જલારામ જયંતિ મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૭ : વલસાડ તાલુકાના પાથરી ગામના અતુલ ફળિયા ખાતે વિક્રમ સંવત ૨૦૮૩ના કારતક સુદ સાતમને સોમવાર, તારીખ ૧૬/૧૧/૨૦૨૬ના રોજ શ્રી જલારામ જયંતિ મહોત્સવની ભવ્ય અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આ પાવન પ્રસંગે સવારે ૯ કલાકે કથા, ૧૧ કલાકે યજ્ઞ, તેમજ બપોરે ૧૨:૩૦ અને સાંજે ૭ કલાકે આરતી થાળ જેવા વિવિધ માંગલિક પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ધાર્મિક વિધિ મહારાજ બીપીનભાઈ પી. શાસ્ત્રી (જૂજવા)ના સાનિધ્યમાં સંપન્ન

૨૫૦૦થી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો

થઈ હતી. આ પ્રસંગે મંદિરના બાંધકામ અર્થે દાન પણ સ્વીકારવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, ચણવાઈ બેઠકના જિલ્લા પંચાયત સભ્ય મનિષભાઈ પટેલ, વલસાડ તાલુકા પંચાયત જૂજવા બેઠકના સભ્ય ધર્મેશભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત ચણવાઈ બેઠકના સભ્ય મુકેશભાઈ તથા ગામના સરપંચ અશોકભાઈ પટેલ ડેપ્યુટી સરપંચ આશિષભાઈ પટેલ ગ્રામ પંચાયત સભ્યો યુવાનો, બહેનો સહિતના અન્ય મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને જલારામ બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સાંજે ૭:૩૦ કલાકે યોજાયેલા મહાપ્રસાદમાં પાથરી ગામ તથા આસપાસના વિસ્તારના ૨૫૦૦થી વધુ ભક્તો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉમટી પડી પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામજનો અને ભક્તજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજે ચલામાં ૧૨૯મી રંગ જયંતિ મહોત્સવ ઉજવશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : ચલા-વાપી સ્થિત શ્રી રંગ કુટીર ખાતે. આજે બુધવાર તા. ૧૮-૧૧-૨૦૨૬ના શુભ દિવસે ૧૨૯મી રંગ જયંતિ મહોત્સવની ભક્તિભાવપૂર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

આ દૈવી કાર્યક્રમમાં આત્મીય ભક્તજનોએ સક્રિય ભાગ લઈ કાર્યને દિપાવવા આયોજકો તરફથી ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમની શરૂઆત સવારે ૬-૦૦ કલાકે પ્રભાતિયાથી થશે, ત્યારબાદ સવારે ૬-૩૦ કલાકે મંગળા આરતી અને પ્રભાત ફેરી યોજાશે. સવારે ૯-૦૦ કલાકે પાદુકા પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા ઇચ્છતા ભક્તજનોએ પૂજનની સામગ્રી સાથે સવારે ૮-૦૦ કલાકે શ્રી રંગ કુટીર પર હાજર રહેવા વિનંતી કરવામાં આવી છે.

બપોરે ૧૨-૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે સાંજે ૬-૩૦ કલાકે સાયં પ્રાર્થના, દીપ પ્રાગટ્ય, સાયં આરતી અને પાલખી સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થશે.

દાનહમાં વિવિધ સ્થળે જલારામ જયંતિ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૭ : દાદરા નગર હવેલીમાં સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની વિવિધ મંદિરો અને ગામોમાં શ્રદ્ધા, ભક્તિ તથા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો, પૂજા-અર્ચના અને આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતી બાદ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સેલવાસમાં કિલવણી નાકા નજીક, બાવીસા ફળિયા, સામરવર્ણી પટેલ ફળિયા, રખોલી ગામે આવેલા જલારામ મંદિર, નરોલી ગામના જલાસાઈ મંદિર તેમજ દાદરા સ્થિત જલારામ મંદિરમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. તમામ સ્થળોએ આરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી પ્રસાદનો લાભ



લીધો હતો. બીજી તરફ, લવાછા ગામના ઉતારા ફળિયા ખાતે જલારામ બાપાની જન્મજયંતી નિમિત્તે સવારે ભવ્ય પાલખી યાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ સત્યનારાયણ ભગવાનની કથા અને પૂજનવિધિ યોજાઈ હતી. બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે સાંજે મહાઆરતી સાથે ગરબા-રાસના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગામના લોકો અને ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક ઉજવણીમાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે સંત જલારામ બાપાનો જન્મ વર્ષ ૧૭૯૯માં ગુજરાતના વીરપુર ખાતે થયો હતો. તેઓ જીવનભર માનવસેવા, ગરીબો અને જરૂરિયાતમંદોને ભોજન કરાવવા તેમજ સાધુ-સંતોની સેવા માટે સમર્પિત રહ્યા હતા. તેમણે શરૂ કરેલી સદાવ્રતની પરંપરા આજે પણ અન્નદાન અને નિઃસ્વાર્થ સેવાના પ્રતીક તરીકે ઓળખાય છે. ભક્તિ, સેવા અને પરોપકારનો તેમનો સંદેશ આજે પણ લાખો શ્રદ્ધાળુઓને પ્રેરણા આપી રહ્યો છે.

સુખાલા ખાતે કોંગ્રેસનું નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા.૧૭ : નાનાપોંઢા તાલુકાના સુખાલા ખાતે યોજાયેલ કોંગ્રેસનું નૂતન વર્ષનું સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. જેમાં નાનાપોંઢા તાલુકાના પંચાયત ના સભ્ય કુંજલીબેન પટેલે ઉપસ્થિત મહેમાનો આવકારી લાગણી અનુભવી હતી. વાંસદા તાલુકા ના ધારાસભ્ય અનંતભાઈ પટેલે કહ્યું કે કાર્યકર્તાઓ એ પાર્ટી માટે ખંત થી કામ કરવું જોઈએ ,કામ કરો ટિકિટ મેળવો અને જીતો અને વધારે કામ કરો, કોઈ ને પણ ટિકિટ મળે બધા એ લાગી પડવા નું છે. સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું. અત્યારે ભાજપ ને બિરસા મુંડા યાદ આવ્યા અત્યારે મૂંગી બહેરી છે એને જગાડવી પડશે. કોંગ્રેસ આંદોલન માંથી જન્મેલી પાર્ટી છે. ગૌરવભાઈ પંડ્યા એ જણાવ્યું કે કુંજલીબેન માં માતા પિતા ને ધન્યવાદ આપ્યો કે કુંજલી જેવી ઉત્સાહી અને લડાયક કોંગ્રેસને દીકરી આપી. કુંજલીને ઝાંસી ની રાણી સાથે સરખાવી પ્રશંસા કરી હતી. વધુમાં સોનિયા ગાંધીએ લખેલી આત્મકથામાં ઉલેખાયેલા ઋગ્વેદ નો એક શ્લોક સાથે ચાલો, સંગઠીત થાઓ, બધાના વિચાર સમાન બની રહો તેવી ભાવના કોંગ્રેસ માં હોવી જોઈએ. બધાની સાથે પ્રેમથી રહો અને કોંગ્રેસ ના હાથ મજબૂત બનાવો એવી હાકલ કરી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત આ કાર્યક્રમ માં મોટી સંખ્યા માં કોંગ્રેસી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા

સામરપાડામાં પાવગ્રીડના કર્મચારી પર હુમલો

વાપી, તા.૧૭ : પાવરગ્રીડ કંપનીની હાઈટેન્શન લાઈન નીચે ઝાડની ડાળીઓ કાપવા બાબતે ખેડૂતે કર્મચારી પર હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી યોગેશ્વરભાઈ ટેલર (ઉં.વ. ૪૪) પાવરગ્રીડમાં નોકરી કરે છે. ગત તા. ૧૩/૧૧/૨૦૨૬ના રોજ તેઓ ટેકનિશિયન સાથે સામરપાડા બરવડ ફળિયામાં ધીરુભાઈ પટેલના ખેતરમાંથી પસાર થતી લાઈનના મેન્ટેનન્સ માટે ગયા હતા. લાઈન નીચે ઊંચા ઝાડની ડાળીઓ તારને અડતી હોવાથી કરંટ પસાર થવાનો ભય હતો. કામદારો ડાળીઓ કાપી પરત જતા હતા ત્યારે ધીરુભાઈ ત્યાં આવ્યા અને પાછળથી કોઈ સાધન વડે યોગેશ્વરભાઈના માથામાં માર માર્યો હતો. તેઓ નીચે પડી ગયા હતા. આરોપીએ ફરી ખેતરમાં ઝાડ કાપવા આવશો તો હાથ-પગ ભાંગી નાખવાની ધમકી પણ આપી હતી.ઈજાગ્રસ્તને હરિયા હોસ્પિટલ વાપીમાં દાખલ કરાયા હતા. પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રવિ ઋતુ દરમિયાન પિયત વ્યવસ્થાપન અંગે

વલસાડ જિલ્લામાં ખેડૂતોને ખાસ સૂચનો કરાયા

વલસાડ, તા. ૧૭ : રવિ ઋતુમાં સિંચાઈ માટે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. તેથી ખેડૂતોએ પાકની જરૂરિયાત, જમીનમાં રહેલો ભેજ અને પાણીની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને જ પિયત આપવું જોઈએ. આ માટે વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા નીચે મુજબની બાબતોનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું છે.

(૧) જમીનમાં ભેજ જોઈને જ પિયત આપવું. પિયત આપતાં પહેલાં ખેતરની જમીનમાં ભેજ છે કે નહીં તે તપાસો. જમીનમાં પૂરતો ભેજ હોય તો પિયત આપવાનું ટાળો. (૨) પાકને જ્યારે પાણીની વધુ જરૂર હોય ત્યારે જ પિયત આપો. પાણી ઓછું હોય ત્યારે વારંવાર પિયત આપવાને બદલે પાકમાં કટોકટીની અવસ્થાએ પિયત આપો. પાણીની અછત હોય તો ઓછા પાણીમાં થઈ શકે તેવા પાકોનું વાવેતર કરો. (૩) પાણી બચાવવાની પદ્ધતિ અપનાવો. ટપક અને ફુવારા પદ્ધતિથી પિયત આપવાથી અંદાજે ૪૦ થી ૫૦ ટકા પાણીની બચત થઈ શકે છે. પાણી ઓછું હોય ત્યારે ખેતરની એક ચાસ છોડીને બીજી ચાસમાં પિયત આપો. (૪) ખેતરમાં ભેજ જાળવી રાખો. જમીનમાં ભેજ લાંબો સમય રહે તે માટે પાકના સૂકા અવશેષો પાથરો. બિનજરૂરી ખેડ કરવાનું ટાળો. જમીનમાં તિરાડો પડે તો હળવી આંતરખેડ કરીને તિરાડો પૂરો, જેથી જમીનનો ભેજ જળવાઈ રહે. (૫) જમીન પ્રમાણે પિયત આપો. રેતાળ અને હલકી જમીનમાં પાણી ઝડપથી ઊતરી જતું હોવાથી થોડું-થોડું પાણી જરૂરિયાત મુજબ આપો. કાળી અને ભારે જમીનમાં પાણી લાંબો સમય રહેતું હોવાથી જમીનમાં ભેજ હોય ત્યારે પિયત આપવાની ઉતાવળ ન કરો. ખેતર સમતળ રાખો, જેથી પાણી દરેક જગ્યાએ સરખું પહોંચે.

બીલીમોરાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય એબેકસ સ્પર્ધામાં વિજેતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૭ : અમદાવાદના ગેલેક્સી ૯૦ ખાતે શનિવારે બેંગ્લોર સ્થિત ક્યુબેટીક એડ્યુટેક પ્રા. લિ. દ્વારા ચોથી રાષ્ટ્રીય કક્ષાની એબેકસ એન્ડ મેન્ટલ એરિથમેટિક સ્પર્ધા-૨૦૨૬ યોજાઈ હતી. જેમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને કેરળ સહિત દેશભરમાંથી કુલ ૧,૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બીલીમોરાના ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૬૬ વિદ્યાર્થીઓએ વિવિધ શ્રેણીઓમાં વિજેતા બની બીલીમોરાનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું હતું. જેમાં બીલીમોરાના પ્રુથિત પટેલ, દેવાંશ પટેલ અને રિધમ પટેલે પ્રથમ સ્થાન મેળવી ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. જ્યારે જૈની ટંડેલ, વિહાન પટેલ, ક્રીનવ પટેલ, નિર્વિ પટેલ, અદિતિ પટેલ, ખનક પટેલ, મંથ પટેલ, ગીતાંશ દેસાઈ, અંક પટેલ અને શિવ પટેલે પ્રથમ ઉપવિજેતા તરીકે સ્થાન મેળવ્યું હતું. માર્યમ મેમન, કાવ્ય પટેલ, દર્શ પટેલ, પાર્થ પટેલ, તિથી પટેલ, નક્ષ પટેલ અને સમર્થ દ્વિતીય ઉપવિજેતા તરીકે સફળતા મેળવી હતી.



તેવી જ રીતે તનય પટેલ, રાઘવ મિરાસે, કવ્યેશ અહાલે, દીવ પટેલ અને આર્યા પટેલે તૃતીય ઉપવિજેતા, જ્યારે કીશીવ પટેલ, દ્વિજા પટેલ, એલીના પટેલ, દેવાંશી પટેલ, ધૈર્ય પટેલ અને જીષા દેસાઈએ ચતુર્થ ઉપવિજેતા તરીકે ટ્રોફી મેળવી હતી. આ ઉપરાંત બીલીમોરાના અન્ય ૩૫ વિદ્યાર્થીઓએ મેરિટ ટોપ-૧૦ શ્રેણીમાં સ્થાન મેળવી ટ્રોફી હાંસલ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ માત્ર આઠ મિનિટના ટૂંકા સમયમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના કુલ ૨૦૦ દાખલાઓ ચોકસાઈપૂર્વક ઉકેલવાના હતા. સ્પર્ધામાં દૃશ્ય અને શ્રવણ એમ બે શ્રેણીઓમાં વિદ્યાર્થીઓએ પોતાની ગણતરીની ઝડપ, એકાગ્રતા અને યાદશક્તિનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાની તૈયારી માટે વિદ્યાર્થીઓ છેલ્લા બે મહિનાથી સતત મહેનત કરી રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત થતાં વાલીઓમાં પણ આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. ક્યુબેટીક સંસ્થા ૭ થી ૧૪ વર્ષનાં બાળકોના બૌદ્ધિક વિકાસના હેતુથી એબેકસ તાલીમ આપે છે. ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, ન્યુઝીલેન્ડ, વિયેતનામ અને ઘાના સહિત છ દેશોમાં કાર્યરત આ સંસ્થાનાં ભારતમાં ૧૫૦થી વધુ તાલીમ કેન્દ્રો અને ૫૦થી વધુ શાળાઓમાં કાર્યક્રમો ચાલે છે. સંસ્થાના સંચાલક જગદીશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ રાષ્ટ્રીય સ્પર્ધામાં બીલીમોરાના વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થા દ્વારા તમામ વિજેતાઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

માનવીઓના વિકાસના હડકવાએ પર્યાવરણ પર પ્રહાર કરતા દેશમાં કુદરતી આફતો વિનાશ વેરી રહી છે

હવામાનની અયોક્કસતાએ કૃષિ ઉત્પાદન પર વિપરીત અસર કરી છે : અનુકૂળ ઉષ્ણતાપમાનના અભાવે કેરીનુ ઉત્પાદન ૨૫ ટકા ઘટવાની ભીતી : પ્રદુષણે માનવ સ્વાસ્થ્ય પણ ખોખલું કરી દીધું : વાપીનો પુનરાવર્તિત વિકાસ નકશો ૩૫ વર્ષ સુધી ઠેલાતો રહ્યો અને આવ્યો ત્યારે તેમાં ગ્રીન કવરનો ઉલ્લેખ ન હોવાની વાત : વાપીના ૧૧ ગામોમાં સિમેન્ટના જંગલ ઊભા કરવાની જાહેરાતથી ડેવલપરો અને બિલ્ડરો ગેલમાં : વાપીને શિરદર્દ ટ્રાફિક હવે તો છેલ્લા તબક્કા ના કેન્સર જેવો : ટ્રાફિક પોલીસ સ્ટેશન ઘોર નિંદ્રામાં?!

દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

હમણાં એવો હેવાલ હતો કે જૂનાગઢ વિસ્તારની પ્રખ્યાત કેસર કેરીનો પાક પ્રતિકૂળ હવામાનના કારણે ૨૫ ટકા જેટલો ઓછો થવાની શંકા સેવાઈ રહી છે.

અભ્યાસુઓ આ માટેનું કારણ એવું આપે છે કે ચાલુ સાલ આંબા પર મોર આવે એવી ઠંડી જ નથી. સામાન્યત નોરતાના સમયથી ફલાવરિંગ શરુ થવું જોઈએ પણ તેનો ચાલુ સાલ અભાવ હોય કેસર કેરીનો પાક ઓછો ઉતરવાની પૂરી શક્યતા છે.

વલસાડ જિલ્લાની હાફૂસની કેરી એક સમયે ખૂબ જ વખણાતી હતી. આ કેરીના ભાવ પણ ખેડૂતોને અન્ય કેરીઓ કરતા વધુ મળતાં એટલે હાફૂસની કલમો નાંખવાને સૌ પ્રાધાન્ય આપતા હતાં. પરંતુ સમયના વહેવા સાથે ઋતુચક્રમાં પરિવર્તનો આવતાં હાફૂસ કેરીનું ઉત્પાદન ઓછું થતું ગયું અને તેની જગ્યા કેસર કેરીએ લીધી.

હવે ઉપાધિ એ આવી કે હવામાનની આ ચોક્કસતાના કારણે કેસર કેરીના ઉત્પાદન ઉપર પણ તેની વિપરીત અસર પડવા માંડી છે એટલે આ કેરીનું ભવિષ્ય પણ ધુંધરુ લાગે છે.

દાદરા નગર હવેલીના લુહારી ગામમાં અમારી ખેતીને જમીન ઉપર અમારું ઘર પણ હતું. ખેતીની જમીનની સંભાળ રાખનાર બાબુભાઈ ભંડારી દર વર્ષે ચોમાસાનો આરંભ કયારે, એટલે કે કઈ તારીખે થયો તેની ભીંત ઉપર કોલસાથી નોંધ કરતાં. અમે ત્યારે નાના હતાં પણ એટલું તો જોયેલું કે ભીંત ઉપરની છેલ્લાં ચાર વર્ષની નોંધ એ ખાતરી આપતી હતી કે દર નોંધ એ ખાતરી આપતી હતી કે દર વર્ષે વર્ષાનો આરંભ જૂનની ૧૨મીથી ૧૪ મી દરમિયાન અચૂક થઈ જતો.

જુનમાં ભારે કડાકા ભડાકા સાથે પડતો વરસાદ ડાંગરની વાવણીને અનુકુળ બની રહેતો. એ પછી, જુલાઈમાં મુશળધાર વરસાદ ચોક્કસ વરસતો, ડાંગરની કયારીઓ સરોવરનું સ્વરૂપ લેતી. ખેડૂતો હોંશે હોંશે ડાંગરની રોપણીના કામે લાગી જતાં.

કહેવાનો ભાવાર્થ એજ કે અગાઉ વરસાદની મોસમ ખેતીને અનુકુળ બની રહેતી. શિયાળની ઠંડી પણ નિયીમત એટલે આંબા મોરથી ભર્યા ભર્યા બની જતાં. રવિપાક માટે પણ મોસમ સાનુકુળ બની રહેતી. પરંતુ હવે એ દિવસો ભુતકાળ બની ગયા છે.

આપણે વિકાસના નામે ઉદ્યોગોને પ્રાધાન્ય આપી હવા, પાણી અને જમીનના પ્રદુષણનું ઝેર સર્વત્ર ફેલાવી દીધું જેની સીધી અસર માનવસ્વાસ્થ્ય પર પડી. વિકાસના હડકવાએ લાખો વૃક્ષોનું નિકંદન કાઢી નાખ્યું. ઉત્તરભારતની નદીઓ જળ ઉત્પાદિત ઈલેક્ટ્રીસીટીની શિકાર બની. આ હાઈડ્રોલિક પાવર પ્રોજેકશનના કારણે પણ વૃક્ષોની બેરહમ કતલ કરવામાં આવી. પરિણામે આપણે કુદરતી આફતો વહોરી લીધી. અતિવૃષ્ટિ, ભુસ્ખલનો હવે નિયમિત બની ગયા. માનવીના કુદરતી સંપત્તિ ઉપરના આ ખીલવાડના કારણે પર્યાવરણ ઉપર તેની અસર સીધી વિનાશક અરસ પડી.

નિષ્ણાંતોના મતે, વૃક્ષોનું નિકંદન તો પર્યાવરણની ઘોર ખોદે જ છે પણ નાના મોટા શહેરોમાં ઊભા થઈ રહેલા સિમેન્ટના જંગલોની માઠી અસર પણ પર્યાવરણ ઉપર પડે છે.

આ બધી દુઘર્ટનાઓ માનવસર્જિત હોવા છતાં પર્યાવરણ સાથે સામુહિક બળાત્કાર કરવાનુ સંબીધત તંત્રો ચુકતા નથી. વૈષ્વિક ઉષ્ણાતામાનમાં થઈ રહેલાં વધારાને કારણે આવનારી આપત્તિઓને અંકુશમાં લેવા બાબત પણ કોઈના પેટમાં બળતું નથી.

ચાલુ વર્ષે હવામાનના પરિવર્તન માટે અલનીનોને જવાબદાર માનવામાં આવે છે. પણ મોકાણ તો વર્ષોથી ચાલી આવી છે તેનું શું ?

વાપીની વાત કરીએ તો વાપીમાં જે ઉદ્યોગોનગર છે તેમાં બહુધા ફેકટરીઓ રાત દિવસ હવા, પાણી અને જમીનમાં પ્રદુષણ ફલાવે છે. આ પ્રદુષણને આપણું સ્લો પોઈઝન, ધીમુ ઝેર પણ કહીએ તો ચાલે. કેટલાક વર્ષ ઉપર વાપી એક ફેક્ટરીના ઝેરી પ્રવાહીનું ચેમ્બર ખુલી જતાં નજીકમાં ચરતી બે ગાયો અને આકાશમાં ઊડતા પંખીઓના રામ રમી ગયા હતાં. જે ખતરનાક પ્રદુષણ ઉજાગર કરે છે.

પ્રદુષિત વિસ્તારમાં મોટી સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવે તો પ્રદુષણની બુરી અસરને કંઈક અંશે નાથી શકાય પરંતુ વાપી વૃક્ષો બાબતમાં આજે પણ વૈધવ્ય ભોગવે છે.

વાપીમાં વર્ષ ૧૯૮૫માં વિકાસ નકશો બન્યો હતો. એ પછી પુનરાવર્તિત વિકાસ નકશો દર ૧૦ વર્ષે દર દસ વર્ષે જાહેર થવો જોઈએ. પણ વાપીમાં ૩૫ વર્ષ સુધી પુનરાવર્તિત વિકાસ નકશાને દબાવી રાખવામાં આવેલો. વર્ષ ૨૦૧૯માં નવો વિકાસ નકશો જાહેર કરવામાં આવેલો પણ જાણવા મુજબ, તેમાં ગ્રીન વિસ્તારની કોઈ જોગવાઈ જ નથી!

હમણા વળી વાપી મહાનગરપાલિકામાં જે ૧૧ ગામો સમાવિષ્ટ કરવામાં આવેલાં તેના વિકાસ નકશાને ધનતેરસના દિને ગેઝેટમાં પ્રસિદ્ધ કરાયો હતો. આ જાહેરાતના કારણે જમીન માલિકો, બિલ્ડરો, ડેવલપરો અને ઉદ્યોગકારો ગેલમાં આવી ગયા હતાં. કેમકે, સરકારના આ નિર્ણયના કારણે આ ગામોને સિમેન્ટના જંગલો બનાવવાનું સરળ બની રહે એમ છે !

વાપીના ઔદ્યોગિક વિકાસના કારણે આસપાસના ઘણા ગામોનુ શહેરીકરણ તો થઈ જ ગયેલું છે. હવે આ અગિયાર ગામો પણ શહેરીકરણમાં વટાઈ જવાના! વાપી મહાનગરપાલિકાના કારણે વાપી તાલુકાનો પણ ટકો મુંડો થઈ ગયેલો છે.

ગામડાનો વિકાસ થાય તે સામે કોઈને વાંધો ન હોય. પરંતુ આ વિકાસનો હડકવા ગામોના અસ્તિત્વને જ મીટાવી દે એવું ન થવું જોઈએ. ગામોને પેયજળ મળે, શાળાઓ મળે, રમતના મેદાનો મળે, આરોગ્ય સેવાઓ મળે, ગટર મળે, એ આવકાર્ય બની રહે છે. પરંતુ ગામડાઓને બાંધકામોનું ધનઘોર જંગલ બનાવી દેવાનું કદી પણ સ્વીકાર્ય ન બનવું જોઈએ.

એક મત પ્રમાણે આવતાં થોડા વર્ષોમાં ગુજરાતના ૭૦ ટકા ગામડાઓનું શહેરીકરણ થઈ જશે. આમાં ગૌરવ લેવા જેવું છે જ શું ? વધારામાં છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં ૩૦૦૦ ચો.કી.મી. ઉપરાંત જમીનમાં વૃક્ષો ગાયબ થયા છે. આપણે ત્યા શહેર હોય કે ગામડા હોય, આયોજિત વિકાસના નામે નાહી જ નાંખેલું છે. દર ચોમાસામાં આપણે આનું પરિણામ જોઈએ જ છીએ. નાના મોટા શહેરો અને ગામડાઓ જ દેમાર વરસાદ જ નહી થોડા વરસાદમાં જળબંબાકાર બની જતાં હોય છે. દર ચોમાસામાં ઉભરાતા પાણી માનવીઓ અને પશુઓનો ભોગ લે છે. મિલકતોને પણ ભારે નુકશાન થતુ હોય છે. કૃષિનપાકોનો પણ વરસાદી પાણી સત્યાનાશ વાળી નાંખે છે. વરસાદી પાણીના નિકાલ ઉપર થયેલાં પ્રહારોના પાપનું આ પરિણામ છે.

ટુંકમાં પતાવીએ તો હવામાનના પરિવર્તનને ખેડૂતોને પાયમાલ કરી નાંખ્યા છે. આંબાવાડીઓમાં અગાઉ જેવું કેરીનું ઉત્પાદન રહ્યું નથી. એવી જ હાલત ચીકુની છે, શેરડીની છે. વર્ષો પહેલાં શેરડીના પાકને સમૃદ્ધિ તરફની કુચ માનવામાં આવતું હતું. હવે એમાં પણ કોઈ મજા રહી નથી. સુગર ફેકટરીઓને હવે તો પિલાણ માટે પણ પર્યાપ્ત શેરડીનો જથ્થો મળવાના પણ ફાંફા છે. વર્ષો પહેલાં શેરડીના પાકમાં થતાં ફાયદાને કારણે સહકારી સુગર મંડળીઅ સંચાલિત સુગર ફેકટરીઓ ઉભી કરવાની હરીફાઈ થતી હતી. દાદરા નગર હવેલી સહકારી ખાંડ ઉદ્યોગમંડળી અને દમણગંગા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી આ હરીફાઈનો જ એક હિસ્સો હતો.

કમનસીબે દાદરા નગર હવેલી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીને રાજકારણનું ગ્રહણ લાગી જતાં તે ફડચા ભેગી થઈ ગઈ.

ભીલાડની દમણગંગા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી વર્ષોથી પોતાની સુગર ફેકટરી ઉભી કરી શકી નથી. આ મંડળી તેના કેટલાક સભાસદોની શેરડી ગણદેવી સુગરમાં પિલાણ માટે મોકલે છે. મંડળીની પોતાની સુગર ફેકટરી માટે સ્થાનિક રાજકારણીઓ વર્ષોથી સભાસદોની આંખ સામે ફેકટરીનું ગાજર લટકતું રાખે છે.

વાપીની ટ્રાફીક સમસ્યા : છેલ્લા સ્ટેજનું કેન્સર!

બેસતાં વર્ષે અમારે દાદરા નગર હવેલીના નરોલી ગામમાં એક પારિવારિક પ્રસંગે જવાનું થયું.

વાપી આઝાદનગરથી ઝંડાચોક, વાપી મેઈન બજાર, નહેરુ સ્ટ્રીટ થઈ અમારે જે ટાઈપના રેલ્વે અન્ડરબ્રિજ થઈ નેશનલ હાઈવે પર જવાનું હતું. વાપીના ટ્રાફિકનું વિષચક્ર અમે નજરે જોયું. આઝાદનગર, ઝંડા ચોક, મેઈન બજાર, નહેરુ સ્ટ્રીટ જયા જુઓ ત્યા ટ્રાફિકજામ. આઝાદનગરથી જે ટાઈપ રેલ્વે અન્ડરબ્રિજ પહોચતા અમને પોણો કલાક થયો. કોઈકે જણાવ્યું કે વાપી મહાનગરપાલિકાના કારભારીઓએ દિવાળીના તહેવારોમાં માર્ગ ઉપર લારીવાળાઓ અને પાથરણાવાળાોને વેપલો કરવાની છુટ આપી હોવાથી આ ચકળાવનારી મોકાણ સજાઈ હતી. વાપી મહાનગરપાલિકા પાસે વાપીની માળખાગત માર્ગ સુવિધાઓ ટનાટન રાખવાની પુરી સત્તાછે. પણ એમ લાગે છે કે મહાનગરપાલિકાની મ્યાનમાં લાકડાની તલવાર જ છે. એટલે લોલંલોલ ચાલે છે. વાપીના બલીઠા ખાતેનું ટ્રાફિક પોલીસ સ્ટેશન પણ તેના અસ્તિત્વનો પરચો આપી શકયુ નથી. નાણામંત્રી આ સંદર્ભમાં પોલીસતંત્રનો કાન આમળશે ?

અન્યાયપૂર્ણ હડતાલ પડાવે તેમને ઉત્પાદનને નુકસાન કરવાનો દંડ થવો જોઈએ

(ગતાંકથી શરુ)

ચૂંટણીના દિવસોમાં અમુક લોકોની રોજીઓ ખૂલી જાય છે. બૂથ-કેપ્ચર કરી દેનારાઓ, જીપોમાં ફરનારા, પેમ્ફલેટ વહેંચનારા, સભાઓ ભરી આપનારા, પ્રદર્શન કરનારા, સભા–ભંગ કરી આપનારા વગેરે અનેક લોકોને કામ મળી રહેતું હોય છે, કોઈ પણ પક્ષના ભેદભાવ વિના, જે પૈસા આપે તેને સેવા આપનારા ચૂંટણીની જાહેરાતથી રાજીરાજ થઈ જતા હોય છે.

આ વાસ્તવિકતા છે. આવી ચૂંટણીમાંથી આપણા નેતાઓ ચૂંટાય છે. આવા નેતાઓમાંથી સરકાર રચાય છે. જરા વિચારો, કેવા હશે નેતાઓ? અને કેવી હશે સરકાર? પણ આની પૂરી જવાબદારી તો જનતાની જ છે. જેવી જનતા હશે તેવા નેતા હશે. જવાબદારીથી જનતા છટકી ન શકે. મતદાન નહિ કરનારા, લોભ-લાલચ–ભયથી મતદાન કરનારા, કોમવાદથી મતદાન કરનારા અને સાચી પ્રામાણિકતાથી મતદાન કરનારા આ બધાનો સરવાળો એટલે જનતા.

જનતાને સાચો રાહ બતાવનારા ધર્મગુરુઓ છે, લેખકો અને મીડિયાવાળા છે, રાજનેતાઓ છે અને બંધારણ છે. જો આ બધાં પોતે જ દિશાભ્રષ્ટ કે દિશાશૂન્ય થયાં હોય તો હવે શું કરવું? આપણે આવી સ્થિતિએ પહોંચ્યા છીએ. આ મતદાતાઓ જ ભારતનું ભવિષ્ય ઘડી રહ્યા છે.

એક સમય હતો જ્યારે મજૂરો પાસેથી બારબાર કલાક કામ કરાવી તેમને ઓછામાં ઓછું વેતન અપાતું હતું. ત્યારે મજૂરોનું શોષણ માલિકો કરતા હતા. ત્યારે કામ થોડું અને કામદારો વધારે હતા. સરકાર તરફથી તેમનું કોઈ રક્ષણ ન હતું.


પછી મજૂરક્રાન્તિ થઈ. ક્રાન્તિનું હથિયાર હતું હડતાલ. હડતાલથી માલિકો થથરી ગયા. એક પછી એક સુધારા થતા ગયા. મજૂરશોષણ બંધ થઈ ગયું કહેવાય.

પછી શરૂ થયું માલિકોનું શોષણ અથવા મૂડીશોષણ. હડતાલનું હથિયાર સાચી અને ખોટી બન્ને રીતે વપરાવા લાગ્યું. મજૂરોની જબરદસ્ત શક્તિ ઉત્પન્ન થઈ ગઈ. જણે અડધા યુરોપની સત્તા પડાવી લીધી. કેટલીક જગ્યાએ માલિકો નાબૂદ થઈ ગયા. તો કેટલીક જગ્યાએ માલિકો અશક્ત થઈ ગયા. હવે માલિકો જે ધારે તે થવાની જગ્યાએ મજૂરો જે ધારે તે થવા લાગ્યું પૂરા વિશ્વમાં મજૂર-ભાવ વધ્યો. ભારતમાં પણ આવો પ્રભાવ વધ્યો. મજૂરોનું બ્રહ્માસ્ત્ર 'હડતાલ'ની જગ્યાએ 'ઘેરાવ' 'કામ રોકો, 'ધીમે કામ કરો' જેવાં નવાં હથિયારો હાથમાં આવ્યાં. આ હથિયારોનો બેફામ ઉપયોગ જ્યાંજ્યાં થયો ત્યાંત્યાં મૂડીરોકાણ અટકી ગયું. કારખાનાં બંધ પડવા લાગ્યાં. અંતે તો મજૂરો પોતે જ બેકાર થવા લાગ્યા. કારખાનાં બંધ પડવાથી મૂડીરોકાણ અનુત્પાદક બન્યું. તેથી રેવન્યુને ફટકો પડ્યો, કારખાનાના પૂર્વ અને ઉત્તર ઉદ્યોગોને પણ ફટકો પડવા લાગ્યો. રાષ્ટ્ર દરિદ્રતા તરફ વધવા લાગ્યું. મજૂરોના હિતમાં જે નવાનવા કાયદાઓ બન્યા તેમાં તેમનું ઓછામાં ઓછું વેતન નક્કી થયું. ઓછા કલાકો નક્કી થયા. બીજી સગવડો નક્કી થઈ. સારું થયું. આવું થવું જ જોઈએ તેથી મજૂરોને ઘણો લાભ થયો. પણ સાથેસાથે ઓછામાં ઓછું આટલું કામ તો કરવું જ જોઈએ તે નક્કી ન થયું. હક્કો નક્કી થયા પણ કર્તવ્યો નક્કી ન થયાં, જેના પરિણામે કામચોરી, બેજવાબદારી, દાદાગીરી વગેરે અનિષ્ટો પણ ઊભાં થયાં. સરકારે, માલિકોએ અને મજૂરોએ ત્રણેએ એક વાત નક્કી સમજવી જોઈએ કે જો ઉત્પાદન મોંઘું થશે તો ખપત નહિ થાય, બજારમાં ટકી શકશે નહિ, તો માલનો ભરાવો થઈ જશે. અંતે ઉત્પાદન બંધ કરવું પડશે. જેથી કારખાનાં બંધ પડશે. આવું જ થવા લાગ્યું. મજૂરોની કામચોરી અને બીજી આડોડાઈના કારણે એક નવો રસ્તો નીકળ્યો. વેતન નહિ, કોન્ટ્રાક્ટ આપો. હવે કામના કોન્ટ્રાક્ટ અપાવા લાગ્યા. ફરીથી વાત હતી ત્યાં ને ત્યાં આવી ગઈ. જો મજૂરોના હક્કોનું નિર્ધારણ કર્યું તેની સાથે તેમનાં કર્તવ્યો પણ નિર્ધારિત કર્યા હોત તો કદાચ કામચોરી ના થાત. તો કોન્ટ્રાકટ પદ્ધતિની જરૂર ન પડત શ્રમશોષણ ન જ થવું જોઈએ પણ મૂડીશોષણ પણ ન થવું જોઈએ. શ્રમશોષણથી ઉત્પાદનને ફટકો નથી પડતો પણ મૂડીશોષણથી ઉત્પાદનને ફટકો પડે છે. મૂડી થસાઈ જવાથી રોજગાર અને રેવન્યુ બન્નેને ફટકો પડે છે. જો કારખાનાં ધમધમતાં રાખવાં હોય તો બન્ને શોષણોથી મુક્ત થવાં જોઈએ. અન્યાય સામે હડતાલનો હક્ક હોવો જ જોઈએ. પણ અન્યાય કરવા માટે હડતાલનો ઉપયોગ ન કરી શકાય. તેને અપરાધ સમજવો જોઈએ. હંમેશાં માલિકો જ શોષણ કરતા હોય છે તેવું માનવું ઠીક નથી. હવે તો મજૂરો પણ શોષણ કરતા હોય છે. એટલે બન્ને વચ્ચે સંતુલન જરૂરી છે. બન્ને એકબીજાના પોષક બને, શોષક નહિ. ખાનગી ક્ષેત્રમાં કોઈ અનામત ના હોવી જોઈએ. ખાનગી ક્ષેત્રો નફો કરવાના હેતુથી સ્થપાતાં હોય છે. જે નફામાં સહયોગી ન થઈ શકે તેને ફરજિયાત નોકરીમાં રાખવાનો કાયદો યોગ્ય ન કહેવાય. વધુ પડતી અનામતોથી ઉદ્યોગો બંધ પડવા લાગશે. જે બહુ જ દુઃખદ હશે. હડતાલ જેમ મજૂરોનું શસ્ત્ર બન્યું છે. તેમ જ માલિકો પણ આવું જ શસ્ત્ર ખોળી કાઢશે. ત્યારે પારાવાર નુકસાન થશે. એટલે બન્નેમાંથી કોઈ એકે પણ ઉત્પાદનને અટકાવવાના પ્રયત્નો ન કરવા જોઈએ મજૂરોની ઓળખ નક્કી થવી જોઈએ. અર્થાત્ અમુક પગારથી વધારે પગાર મેળવનાર મજૂર ન કહેવાય. તેને હડતાલ પાડવાનો હક્ક ન હોય. અત્યારે તો જે સૌથી વધુ વેતન મેળવે છે તે પણ હડતાલ પાડે છે, જે યોગ્ય ન કહેવાય. જે સંગઠનો અન્યાયપૂર્ણ હડતાલ પડાવે તેમને ઉત્પાદનને નુકસાન કરવાનો દંડ થવો જોઈએ. થયેલું નુકસાન તેમની પાસેથી વસૂલવું જોઈએ. આમ બન્ને તરફી સંતુલિત કાયદાથી બેફામપણું અટકાવી શકાશે. લેબરકોર્ટો મોટા ભાગે એકતરફી ન્યાય આપતી હોય છે. અર્થાત્ મજૂરતરફી તેની જગ્યાએ બન્ને તરફનાં તથ્યોને ધ્યાનમાં રાખીને ન્યાય આપવો ઘટે, જેથી સાચો ન્યાય મળે.

વધુ પડતા એકપક્ષીય મજૂરરક્ષણના કાયદાથી કેટલુંય મૂડીરોકાણ થતું અટકે છે. ખાસ કરીને વિદેશી મૂડીરોકાણ મજૂરોની કનડગત સહન કરવા તૈયાર નથી હોતું. તેથી સંતુલનપૂર્વક લેબર લો સુધારવાની જરૂર છે. જેને પોતાની જરૂરિયાત પ્રમાણે મજૂરોને રાખવાનો હક્ક છે તેને જરૂર ન રહે તો અથવા જરૂરી શરતો પૂરી ન થાય તો નોકરીમાંથી વિદાય કરવાનો પણ હક્ક હોવો જોઈએ. કારણ કે તેને ફેક્ટરી ચલાવવી છે. ઉત્પાદન કરવું છે. નફો કરવો છે. જો તેના મૂળભૂત હેતુઓમાં સહાયક થવાની જગ્યાએ કોઈ બાધક થતો હોય તો તેનાથી છુટકારો મેળવવાનો તેને હક્ક હોવો જોઈએ. અન્યાયપૂર્ણ બેજવાબદારીથી હડતાલ કરનાર-કરાવનાર કે કારખાનાંમાં તોડફોડ કરનાર, આગ લગાડનાર કે હિંસા કરનારને તત્કાલ દૂર કરવાનો હક્ક માલિકને હોવો જોઈએ. અને તેવાં ગુંડાગીરી કરનારાં તત્ત્વો જીવનભર નોકરીની યોગ્યતા ખોઈ બેસે તેવી વ્યવસ્થા હોવી જોઈએ, જેથી અનિષ્ટોથી ઉદ્યોગોને બચાવી શકાય. આવાં હિંસક અનિષ્ટોને સહારો મળી રહે તેવા કાયદા ન હોવા જોઈએ રાષ્ટ્રની કરોડરજ્જુ અર્થતંત્ર છે. અને અર્થતંત્રની કરોડરજ્જ ઉદ્યોગો છે. ઉદ્યોગોની કરોડરજ્જુ મૂડી છે. તેનું રક્ષણ થવું જોઈએ. તેના રક્ષણમાં રાષ્ટ્રનું રક્ષણ છે. સમૃદ્ધિનું મૂળ મૂડી છે. મૂડીરોકાણ વિના કદી પણ રાષ્ટ્ર સમૃદ્ધ ન થઈ શકે.

(વધુ આવતા અંકે)

વાસ્તવિકતા



સ્વામી સચ્ચિદાનંદ

કડક શિસ્તનું પાલન એ જ અવધૂતની સેવા !

શિસ્ત એ માત્ર નિયમોનું પાલન નથી, પરંતુ જીવનને સુંદર, સુવ્યવસ્થિત અને સંસ્કારસભર બનાવવાની એક જીવનશૈલી છે

આજે કારતક સુદ નોમના પવિત્ર દિવસે પૂજ્ય રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગજયંતી છે. આ અવસરે પૂજ્ય બાપજીનું એક અત્યંત પ્રેરણાદાયી વાક્ય યાદ આવે છે - 'કડક શિસ્તનું પાલન એ જ અવધૂતની સેવા!!'

પૂજ્યશ્રીના આ શબ્દો માત્ર આધ્યાત્મિક ઉપદેશ નથી, પરંતુ આજના સમાજ માટે જીવન જીવવાની એક ઉત્તમ આચારસંહિતા છે. આજના સમયમાં શિસ્તનો અભાવ એક ગંભીર સામાજિક સમસ્યા બની રહ્યો છે એવું કહીએ તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

શિસ્ત એટલે સ્વચ્છતા અને સ્વચ્છતા એટલે સામાજિક જવાબદારી.

શરૂઆત કરીએ આપણા રોજિંદા જીવનના એક સામાન્ય, પરંતુ અત્યંત મહત્ત્વના મુદ્દાથી - કચરાના વ્યવસ્થાપનની. આપણે જ્યાં ત્યાં કચરો ફેંકવામાં એટલા બધા ટેવાઈ ગયા છીએ કે આપણું આંગણું, આપણી સોસાયટી, આપણો મહોલ્લો કે આપણું ફળિયું સ્વચ્છ રાખવાની જવાબદારી પણ જાણે ભૂલી ગયા છીએ. સૌથી વધુ દુઃખદ બાબત તો ત્યારે જોવા મળે છે જ્યારે કોઈ વ્યક્તિ પોતાનું ઘર સ્વચ્છ રાખવા માટે કચરો બીજાના આંગણામાં કે પોતાના ઘરની બહાર ફેંકી દે છે. જાણે પોતાની સ્વચ્છતાની કિંમત બીજાની ગંદકીથી ચૂકવાતી હોય!

શું આ જ આપણી નાગરિક સભ્યતા છે? શું સ્વચ્છતા માત્ર પોતાના ઘર પૂરતી જ સીમિત હોવી જોઈએ?

આવા સમયે પૂજ્ય બાપજીનું વાક્ય ફરી યાદ આવે છે - 'કડક શિસ્તનું પાલન એ જ અવધૂતની સેવા!!'

શિસ્ત એટલે નિયમિતતા.

આજના સમયમાં જંકફૂડ, હોટેલના ભોજન, મોબાઈલ અને ઈન્ટરનેટની દુનિયામાં ખોવાયેલા બાળકો જ નહીં, પરંતુ મોટેરાઓ પણ જીવનની નિયમિતતા જાળવવામાં પાછળ રહી ગયા છે. આપણા પૂર્વજોના જીવન તરફ નજર કરીએ તો સાદગી, સમયસર ભોજન, નિયમિત દિનચર્યા અને શ્રમપૂર્ણ જીવન તેમની જીવનશૈલીનો અભિન્ન ભાગ હતાં. આ બાબતો તેમના જીવનને સ્વસ્થ અને સુવ્યવસ્થિત રાખવામાં મદદરૂપ થતી હતી.

નિયમિતતા માત્ર ખાવા-પીવા કે ઊંઘવા પૂરતી મર્યાદિત નથી. ઘરમાં, ઓફિસમાં, ધંધામાં, શાળા-કૉલેજોમાં અને સામાજિક જીવનમાં પણ તેનું એટલું જ મહત્ત્વ છે. આજે સર્વત્ર અનિયમિતતાનું સામ્રાજ્ય જોવા મળે છે. એક સમય હતો જ્યારે અમુક વ્યક્તિઓની નિયમિતતા અને શિસ્તનાં ઉદાહરણો આપવામાં આવતાં હતાં.

પૂજ્ય રંગ અવધૂત મહારાજનું જીવનચરિત્ર વાંચીએ તો સમજાય કે તેઓ પોતાના જીવનની દરેક બાબતમાં કેટલા નિયમિત અને શિસ્તબદ્ધ હતા. તેમનું જીવન જ શિસ્તની જીવંત પાઠશાળા હતું. તેમની પાસેથી આપણે ઘણું શીખવાનું છે.

શિસ્ત એટલે સમયપાલન અને સમયનો સદુપયોગ.

આજે મોડા પડવું કે જાણીજોઈને મોડા પહોંચવું જાણે પોતાની વ્યસ્તતા અને મહત્ત્વ દર્શાવવાનો એક માપદંડ બની ગયો છે. સમાજમાં એક મોટો વર્ગ એવો જોવા મળે છે જે સમયસર પહોંચવાને બદલે મોડા પહોંચવામાં જાણે ગૌરવ અનુભવે છે.

પરંતુ મેં એવા અનેક પ્રતિભાશાળી લોકોને જોયા છે, જેમણે પોતાના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ મેળવી છે અને અનેક સન્માનોથી સન્માનિત થયા છે. તેમ છતાં જાહેર કાર્યક્રમોમાં તેઓ સમય કરતાં વહેલા પહોંચી જાય છે. ક્યારેક તો આયોજકો કરતાં પણ વહેલા પહોંચી જાય છે અને આયોજકોને જ દોડતા કરી દે છે!

આવા પ્રસંગો આપણને એક સવાલ ચોક્કસ પૂછવા પ્રેરે છે - આપણે ક્યાં છીએ? સમયનું મહત્ત્વ આપણે ખરેખર સમજીએ છીએ ખરા?

પૂજ્ય રંગ અવધૂત મહારાજે 'ગુરુલીલામૃત' જેવો વિશાળ અને આધ્યાત્મિક ગ્રંથ આપ્યો. એટલું જ નહીં, 'દત્તાબાવની', 'દત્તનામસંકીર્તન' અને 'અવધૂતી આનંદ' જેવા ગ્રંથોમાં તેમનાં સુંદર અને પ્રેરણાદાયી ભજનો પણ સંગ્રહિત થયાં છે. માત્ર ૭૦ વર્ષના આયુષ્યમાં તેમણે જે વિશાળ સાહિત્યસર્જન કર્યું તે જોતાં તેમના સમયના આયોજન અને સદુપયોગની કલ્પના કરી શકાય છે. પેઢીઓ સુધી માનવજીવનને પ્રેરણા આપતું અમૂલ્ય સાહિત્ય તેઓ આપણને આપતા ગયા.

તેમનું જીવન આપણને શીખવે છે કે આયુષ્ય કેટલું લાંબું છે તેના કરતાં આપણે આપણા સમયનો કેટલો સદુપયોગ કરીએ છીએ તે વધુ મહત્ત્વનું છે.

શિસ્ત એટલે નાનાઓ પ્રત્યે પ્રેમ અને મોટાઓ પ્રત્યે આદર.

પૂજ્ય બાપજીના જીવનમાં માતૃભક્તિ અને માતાની આજ્ઞાનું પાલન એક અનોખું સ્થાન ધરાવે છે. માતાની આજ્ઞા પ્રાપ્ત ન થઈ ત્યાં સુધી તેમણે શિક્ષક તરીકેની નોકરી પણ ચાલુ રાખી હતી. માતાની સંમતિ મળ્યા પછી જ તેમણે સંસારત્યાગનો માર્ગ અપનાવ્યો.

પોતાના નાના ભાઈના અકાળે અવસાનથી માતા વ્યથિત થયાં હતાં. માતાની વ્યથા અને વિલાપ જોઈને પૂજ્યશ્રીએ તેમને આશ્વાસન આપતાં કહ્યું હતું કે, 'જો આપની ઈચ્છા ન હોય તો હું સંન્યાસ છોડીને આપની મરજી મુજબ જીવન જીવીશ. પુત્ર તરીકે આપની આજ્ઞા માથે ચઢાવીશ એની ખાતરી રાખજો.'

આ પ્રસંગ પૂજ્યશ્રીના વ્યક્તિત્વનું એક અદભુત પાસું આપણી સમક્ષ રજૂ કરે છે. આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરનાર વ્યક્તિ પણ માતા પ્રત્યેની પોતાની ફરજ અને આદરભાવ ક્યારેય ભૂલતી નથી. તેમના જીવનના આવા અનેક પ્રસંગો આપણને શીખવે છે કે સાચી મહાનતા માત્ર જ્ઞાન કે ત્યાગમાં નથી, પરંતુ પોતાના સંબંધો અને ફરજો પ્રત્યેની નિષ્ઠામાં પણ રહેલી છે.

શિસ્ત એટલે મર્યાદાનું પાલન.

મર્યાદા માત્ર કપડાં પૂરતી સીમિત નથી. આપણી વાણી, વર્તન, વ્યવહાર, વિચાર અને સામાજિક જીવન - દરેક ક્ષેત્રમાં મર્યાદાનું આગવું મહત્ત્વ છે. પૂજ્ય બાપજીએ પોતાના ઉમદા જીવન દ્વારા આ મર્યાદાઓનું પાલન કેવી રીતે કરવું તે શીખવ્યું છે.

આજે પણ નારેશ્વર ખાતે પૂજ્યશ્રીની આજ્ઞા અને પરંપરાના પાલનરૂપે ભક્તો સભ્ય સમાજને શોભે તેવો પહેરવેશ ધારણ કરે છે. પાદુકાપૂજન જેવા ધાર્મિક પ્રસંગોએ સ્ત્રીઓ સાડી અને પુરુષો ધોતી પહેરીને પરંપરા અને મર્યાદાનું જતન કરે છે.

જમાનો બદલાય, પેઢીઓ બદલાય, જીવનશૈલી બદલાય, પરંતુ કેટલીક જીવનમૂલ્યો ક્યારેય જૂનાં થતાં નથી. સંયમ, શિસ્ત, મર્યાદા, આદર અને સાદગી એવાં શાશ્વત મૂલ્યો છે, જે દરેક યુગમાં એટલાં જ પ્રસ્તુત રહે છે.

પૂજ્ય રંગ અવધૂત મહારાજનું જીવન આપણને આ જ મૂલ્યોનું મહત્ત્વ સમજાવે છે.

આજે રંગજયંતીના પવિત્ર અવસરે આપણે માત્ર પૂજ્ય બાપજીનાં દર્શન કે સ્મરણ પૂરતાં જ ન રહીએ, પરંતુ તેમના વિચારોને આપણા જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ

પારડી તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Wednesday 18, November 2026

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

પારડીમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસ અને જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે તા. ૧૫ નવેમ્બરને સોમવારના રોજ સાંજે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઓડિટોરિયમ હોલ ખાતે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' ભવ્ય રીતે યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, દેશની આઝાદીમાં અને આદિવાસી સમાજની એકતા અને સંગઠિતતામાં ભગવાન બિરસા મુંડાનું વિશેષ યોગદાન છે, હવે પેઢીઓ સુધી તા. ૧૫ નવેમ્બર જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવાશે. બિરસા મુંડાએ સૌને દેશ માટે એક થઈને લડવા માટે આહવાન કરી 'આપણો દેશ, આપણું રાજનો નારો આપ્યો હતો.

મંત્રીએ રૂા. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે રાજપીપળા ખાતે બની રહેલા ટ્રાઈબલ મ્યુઝિયમ જોવા અપીલ કરી રૂા. ૩૫૦ કરોડથી વધુ ખર્ચે બનેલી ટ્રાઈબલ યુનિવર્સિટી અને આદિવાસી ભાષા-બોલી અને આદિવાસી પરંપરાગત રમતો લુપ્ત ના થાય તે માટે રાજ્ય સરકાર વિશેષ કાળજી લઈ રહી હોવાનું જણાવ્યું હતું. વક્તા તરીકે વલસાડ સિવિલ હોસ્પિટલના ડો. ચિંતુ ચૌધરીએ ભગવાન બિરસા મુંડાના જીવન ચરિત્ર અને જનજાતીય ગૌરવ દિવસની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રના ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દેશને આગળ લાવવા અથાગ પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે આદિવાસી સમાજનો પણ વિકાસ થાય તે માટે કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. દેશના વિકાસ માટે નાગરિકો સાથે વખતોવખત વાતચીત થતી રહેવી જોઈએ જેથી સાચી દિશામાં દેશ વિકાસ તરફ આગળ વધી શકે, જે માટે આ પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરાયું છે. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ભગવાન બિરસા મુંડાના જીવનનો મહિમા સમજાવ્યો હતો. સ્વાગત પ્રવચન

આદિવાસી ભાષા-બોલી અને આદિવાસી રમતો લુપ્ત ના થાય તે માટે રાજ્ય સરકાર વિશેષ કાળજી લઈ રહી છે : મંત્રી નરેશભાઈ પટેલ

પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકીએ કર્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ સંમેલનમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વાપી મહાનગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણા, જિલ્લા સંગઠનના પ્રમુખ હેમંત કંસારા, મહામંત્રીઓ, જિલ્લા સંગઠન પ્રભારી વિનય શુક્લા, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો અને શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પારડી-પરિયાગામનો માર્ગ બિસ્માર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : પારડીથી ડુંગરી થઈને પરિયા ગામ તરફ જતા રસ્તામાં ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે અને રસ્તો ખરાબ થઈ જતાં આ પંથકના લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે. તાત્કાલિક વહીવટી તંત્ર દ્વારા આ રસ્તાને રિપેર કરવામાં આવે એવી જરૂરિયાત ઊભી થઈ છે. પારડીના નેશનલ હાઈવે નંબર ૪૮ના સર્વિસ રોડથી ડુંગરી ગામ તરફ જતા મુખ્ય માર્ગમાં છેક પરીયા ગામ સુધી ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે અને રસ્તો ખરાબ થઈ ગયો છે. દિવસ દરમિયાન વિશાળ સંખ્યામાં નાના મોટા વાહનો લઈ લોકો પ્રસાર થતાં હોય છે. રસ્તો ખરાબ રહેતા લોકો હાલમાં મુશ્કેલી ભોગવી રહ્યા છે. મોટા ખાડા પડી ગયા હોવાના કારણે વાહન ચાલકો અકસ્માતનો ભોગ પણ બની રહ્યા છે.

સ્થાનિક જનતાના હિતમાં આ રસ્તો રીપેર કરવામાં આવે અને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે એ જનતાના હિતમાં જરૂરી બની ગયું છે.

ડુમલાવમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : પારડી તાલુકાના ડુમલાવ ગામમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા જનજાતિય ગૌરવ દિવસ અંતર્ગત ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી પ્રસંગે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનો અનાવરણ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તાલુકામાં ડૂમલાવ ગામ જે ઐતિહાસિક ખેડ સત્યાગ્રહ તરીકે જાણીતું છે. આ ગામમાં પહેલી વખત ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સ્થાપિત થતાં વિશાળ સંખ્યામાં આદિવાસી ભાઈ બહેનોની ઉપસ્થિતિ વચ્ચે શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને સમગ્ર ગામમાં આનંદ ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. અહીં ડુમલાવ ગામમાં ડુમલાવ વમળ ફળિયા ખાતે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં ભગવાન બિરસા મુંડા સર્કલમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જે પ્રસંગ વલસાડ જિલ્લા પંચાયત સભ્ય અદિતિ બેન અંકિતભાઈ પટેલ, પારડી તાલુકા પંચાયત ઉપપ્રમુખ હિરેન પટેલ, ગામના સરપંચ પ્રકાશભાઈ પટેલ, સાથે આજુબાજુ ગામના સરપંચો અને વિશાળ સંખ્યામાં ડૂમલાવ ગામના ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે વિધિવત ભગવાન બિરસા મુંડાની પૂજા કરવામાં આવી હતી. બાદમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાં સ્થાપિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ પદયાત્રા ભગવાન બિરસા મુંડાના જય જય કાર સાથે કાઢવામાં આવી કાઢવામાં આવી હતી. એ પહેલા સમગ્ર ગામમાં ઢોલ નગારા અને આદિવાસી સંસ્કૃતિ પરંપરા મુજબ તુર, તારપા સાથે ભગવાન બિરસા મુંડાની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે તમામ આદિવાસી ભાઈ બહેનોને તેઓએ શુભકામના પાઠવી હતી અંતે મહાપ્રસાદનો લાભ લઈ છુટા પડ્યા હતાં.

પારડી પંથકની આંબાવાડીઓમાં દવા છંટકાવ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : પારડી તાલુકાનાં ગામડાઓમાં નવેમ્બર માસથી જ ખેડૂતોએ પોતાની આંબાવાડીઓમાં આંબાના ઝાડમાં દવાનો છંટકાવ શરૂ કરી દીધો છે. શિયાળાની શરૂઆત થતાં જ પારડી તાલુકાના ગામડાઓમાં ખેડૂતો કામે લાગી ગયા છે. સખત મહેનત કરી વાડિયો ડેવલોપ કરનારા ખેડૂતો નવેમ્બર માસથી મહેનત કરવાની શરૂઆત કરી દીધી છે. ખાસ કરીને ડુમલાવ પંથકના ગામડાઓમાં ખેડૂતોએ હમણાંથી જ આંબાના ઝાડમાં દવાનો છંટકાવ શરૂ કરીને કેરી સીઝનની શુભ શરૂઆત કરી દીધી છે. ઉપરોક્ત તસવીરમાં પોતાની આંબાવાડીમાં દવાનો છંટકાવ કરતા ખેડૂતને જોઈ શકાય છે.

વલસાડી ઝાપા ખાતે જલારામ બાપાની જન્મજયંતિએ યજ્ઞ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : પારડી પંથકમાં પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન વહેલી સવારના જલારામ બાપાની પૂજા આરતી અને યજ્ઞ કરવામાં આવ્યો હતો. પારડી વલસાડી ઝાપા મુકામે વહેલી સવારના બ્રાહ્મણના મંત્રો ચાર સાથે પૂજ્ય જલારામ બાપાની ૨૨૧ મી જન્મ જયંતીની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન યજ્ઞ કરવામાં આવ્યો હતો. જય યજ્ઞમાં નવ જોડા બેઠા હતાં અને તમામ દેવી-દેવતાઓને આહુતિ આપી હતી. પુંજય જલારામ બાપાના પૂજા સાથે આરતી



કરવામાં આવી હતી. આરતી થયા બાદ મહાપ્રસાદનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં. આ સાથે દમણી ઝાપા ત્રણ રસ્તા પાસે દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજ્ય જલારામ બાપાની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી પૂજા સાથે આરતી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં. સાથે સાથે ભજન કીર્તન પણ આયોજન કરવામાં આવ્યું હતું અને પારડીમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું ઠેર ઠેર જલારામ બાપા ની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

ટુકવાડામાં જલારામ મંદિરનો ૨૦મો પાટોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : પારડી તાલુકાના ટુકવાડા ગામમાં આવેલ પવિત્ર જલારામ બાપાના મંદિરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતી અને મંદિરનો ૨૦મો પાટોત્સવ ભક્તિ ભાવપૂર્વક ઉજવ્યો હતો. અહીં પૂજ્ય જલારામ બાપાના મંદિરમાં ૨૦મો પાટોત્સવ દર વર્ષની જેમ વિશાળ સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ વચ્ચે ઉજવાયો હતો. વહેલી સવારથી મંદિરમાં પૂજ્ય જલારામ બાપાની પૂજા અને આરતી કરવામાં આવી હતી. ભજન કીર્તન કરવામાં આવ્યા હતાં. જેમાં ગામના ભક્તો જોડાયા હતાં. પાટોત્સવ સાથે પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી થઈ હતી. આ ઉજવણી દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જે મહાપ્રસાદમાં ૩,૦૦૦થી વધુ ભક્તો ભાઈ બહેનો વડીલો જોડાયા હતાં અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ભક્તિ ભાવ સાથે જલારામ બાપાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી અને ટૂંકવાડા ગામ ભક્તિમય બન્યું હતું.

ઓરવાડમાં સાંઇ પાલખીયાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : પારડી તાલુકાના ઓરવાડ ગામમાં ઓરવાડ યુવક મંડળ દ્વારા સાંઈ પાલખી શોભાયાત્રા સમગ્ર ગામમાં ભક્તિમય વાતાવરણમાં નીકળી હતી. બાદમાં ૧૦૦થી વધુ ભક્તો સાઈબાબાની પાલખી લઈને પગપાળા મહારાષ્ટ્રના પવિત્ર એવા શિરડી ધામ માટે રવાના થયા હતાં. ઓરવાડ યુવક મંડળ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી સાઈબાબાની પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ઓરવાડ ગામથી પુજા કરી પાલખીયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. ઓરવાડ ગામમાં વહેલી સવારનાં બ્રાહ્મણના મંત્રોચ્ચાર સાથે સાઈબાબાની પૂજાનો આરંભ કરવામાં આવ્યો હતો. બે કલાક સુધી સાઈબાબાની પૂજા થયા બાદ સાઈબાબાના જય



કારા સાથે પાલખી યાત્રા ઓરવાડ ગામમાં ભજન કીર્તન અને મોટી સંખ્યામાં ભક્તો ભાઈ-બહેનોની ઉપસ્થિતિ વચ્ચે નીકળી હતી. ઓરવાડ ગામના માજી સરપંચ આશિષભાઈ પટેલ ગામના આગેવાન ભૂમિનભાઈ પટેલ, રાજેશભાઈ હળપતિ, ભરતભાઈ પટેલ, શંકરભાઈ હળપતિ, હિંમતભાઈ રાઠોડ, પંકજભાઈ હળપતિ, ભરતભાઈ હળપતિ, સુધીરભાઈ પટેલ વગેરે સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો આ યાત્રામાં જોડાયા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૯ વર્ષથી સતત સાઈબાબા પાલખી યાત્રાનો આયોજન ઓરવાડ યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે અને ૧૦૦થી વધુ ભક્તો ઓરવાડથી છેક શેરડી સુધી પદયાત્રા પગપાડા આજે નીકળ્યા હતાં. સાઈ પાલખી યાત્રાના પગલે ગામના ભક્તોમાં અને ઉત્સાહ જોવા મળ્યો હતો. પદયાત્રામાં યુવાનો સાઈબાબાના જય જય કારા સાથે જોડાયા હતાં. આ યુવાનો પવિત્ર મહારાષ્ટ્રના શેરડી સાઈબાબાના ધામ સુધી પગપાળા જશે અને સાઈબાબાના ચરણોમાં શ્રદ્ધાના પુષ્પો અર્પણ કરશે.

ઉમરસાડી માછીવાડમાં જલરામ જયંતિ ઉત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : ચતુર્થ દશાબ્દી મહોત્સવ શ્રી જય જલારામ જયંતિ ઉત્સવ ૪૮મું વર્ષ પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામ ખાતે ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યું હતું. રામ નામ મે લીન હૈ દેખત સબ મે રામ તાકે પદ વંદન કરું બોલો શ્રી જય જલારામ હે માનવ પ્રભુને મળવા માટે જે દોડે તે નહીં, પરંતુ જેને મળવા પરમાત્મા પોતે સામે પગલે દોડે એ જીવ આત્મા સદભાગી છે. જિંદગી જબ તક રહેગી ફુરસદ ન હોગી કામ સે, કુછ એસી ઘડી નીકાલી એ ખ્યાર કરો શ્રી રામસે શ્રી જય જલારામ જન્મ જયંતી સવંત ૨૦૮૩ કારતક સુદ સાતમને રોજ પૂજ્ય જય જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતી મહોત્સવની ભારે ધામધૂમથી ઉમરસાડી માછીવાડ ગામ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવનો લાભ લેવા માટે સમગ્ર ગ્રામજનો તથા આજુબાજુના ગામોમાંથી ભાવિક ભક્તજનો જમાવડો જોવા મળ્યો હતો. સવારે ૬:૦૦ કલાકે બાપાની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ ૭:૦૦ કલાકે જલારામ બાપાની શોભાયાત્રા મંદિરેથી ગામમાં કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં દરેક ફળિયાના ભક્તો માર્ગમાં બાપાના દર્શન કરતા જાય અને જોડાતા જાય છે. શોભાયાત્રાના આગમન બાદ ગામવાસીઓ તેમજ અલગ અલગ ગામો માંથી પધારેલ ભાવિક ભક્તજનો બાપાના દર્શન કરી મહાભોજન પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા હતાં.

રાત્રે ૯:૦૦ કલાકે શ્રી જય જલારામ સેવા સંકુલ દ્વારા આયોજિત ભજન સંધ્યા, રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ભાવિક ભક્તજનો ભાવથી ભજનનું અમૃત પાન કરતાં નજરે પડ્યાં હતા. ભક્તિમય વાતાવરણ વચ્ચે આખું માહોલ ભજનોની રમઝટ તથાં રાસ ગરબાના તાલે રંગાયું હતું સબ ધરતી કાગજ કરું, લેખની સબ વનરાઈ, સાત સમુંદર કે શાહી કરુ, ગુરુ ગુન લીખા ન જાય શ્રી જય જલારામ બાપાના ભક્ત પરિવાર જશુબેન બી. પટેલના સ્નેહ વંદન તથા ભગુભાઈ બી. પટેલના, અશોકભાઈ બી.પટેલ તેમજ મયુરીબેન એ. પટેલ સાથે શ્રી જય જલારામ સેવા સંકુલના ભાઈઓ-બહેનો તેમજ ગામના સ્નેહી ભક્તોજનો ભારે જહેમત ઉઠાવતા નજરે પડ્યા હતાં.

ઓરવાડની સોસાયટીમાં જલારામ જયંતી ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : મંગળસૃષ્ટિ સોસાઈટીમાં સંત શિરોમણી વિશ્વ વિખ્યાત પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૭ મી જન્મજયંતિ ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સોસાઈટીની બહેનોં અને દીકરીઓએ સોસાયટીના રસ્તે રંગોળી બનાવી ઉજવણી કરી હતી. સાંજે બાપાની આરતી ઉતારવામાં આવી હતી.

થાળ પીરસવામાં આવ્યા હતા ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાઈટીના તમામ ભાઈઓ બહેનો જોડાયા અને ધન્યતા અનુભવી હતી. ઉલ્લેખનીય છેકે છેલા બાર વર્ષોથી સોસાઈટીમાં બાપાને જન્મ જયંતી ઉજવવામાં આવે છે. પ્રમુખ ઠાકોરભાઈનો આભાર માન્યો હતો.

પારડીની જે.પી. પારડીવાલા સ્કુલમાં નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૭ : જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી ખાતે ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. વિજયભાઈ સી. ગાવિતનો નિવૃત્તિ સન્માન સમારોહ અત્યંત ભાવભીના અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. તેમણે પોતાની શૈક્ષણિક કારકિર્દીના ૩૭ વર્ષ અને ૯ મહિના સુધી નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી કોલેજ અને શિક્ષણ જગતમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ સમારોહમાં તેમના ધર્મ પત્ની સંગીતાબેન વિજયભાઈ ગાવિત તેમજ દીકરી ફોરમ તેમજ નિવૃત્ત થઈ ગયેલા ચોથા વર્ગના કર્મચારીઓ અને અધ્યાપકોએ પણ હાજરી આપી હતી.



કાર્યક્રમની શરૂઆત કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈના આવકાર પ્રવચનથી કરવામાં આવી હતી. તેમણે પ્રા. વિજયભાઈ ગાવિતની લાંબી સેવાકીય સફરને બિરદાવી તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે નિવૃત્ત અધ્યાપક દિલીપભાઈ પટેલ તથા ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ દ્વારા મોકલવામાં આવેલા શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું. બંને સંદેશાઓમાં પ્રા. વિજયભાઈ ગાવિતની સેવાઓને બિરદાવતાં તેમના નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કોલેજના સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ઈન્ચાર્જ આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ શાલ ઓઢાડીને પ્રા. વિજયભાઈ ગાવિતનું સન્માન કર્યું હતું. ત્યારબાદ કોલેજના સ્ટાફ સેક્રેટરી પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલે સન્માનપત્રનું ભાવસભર વાંચન કરી ઈન્ચાર્જ આચાર્યા સાથે મળીને સન્માનપત્ર અર્પણ કર્યું હતું. કોલેજ પરિવારે તેમના નિવૃત્ત જીવન માટે સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને આનંદમય જીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 18, November 2026

યુરોપના દેશોમાં તંગ આર્થિક સ્થિતિનું કારણ બુઝુર્ગો પાછળનો ખર્ચ

વિશ્વમાં અસમાનતાના અલગ અલગ પડકારો સામે આવતા રહે છે. જાતિ, ધર્મ કે વર્ગની અસમાનતામાં હવે યુવાનો અને બુઝર્ગો વચ્ચેનાં પરીમાણનો ઉમેરો થઈ રહ્યાની સાબિતી યુરોપમાં બની રહેલા બનાવોમાંથી મળી રહી છે. તાજેતરમાં યુરોપના દેશો અને તેમાં પણ મોટાભાગે ફ્રાંસમાં નારાજ યુવાનો જે રીતે માર્ગો પર ઉતરીને હિંસાચાર કરી રહ્યા છે, તેના મૂળમાં તો ફંડના અભાવે શાળાઓની બદતર હાલત અને શિક્ષકોની અછત હોવાનાં કારણ રહ્યાં છે, હવે વિરોધમાં મોંધવારી અને વધતા જતા રોજબરોજના ખર્ચની સામેનો ગુસ્સો ઘોળાઈ રહ્યો છે. યુરોપના દેશો તેમને ત્યાં બુઝુર્ગો માટેની કલ્યાણ યોજનાઓને વધુ ભંડોળ આપી રહ્યા છે. આમાં યુવાનોને તેમનાં શિક્ષણ અને કલ્યાણ સહિતના કાર્યક્રમોમાં પુરતાં નાણાં ઉપલબ્ધ ન હોવાની ફરિયાદ હવે વિરોધમાં પરિવર્તીત થવા લાગી છે. ફ્રાંસમાં શિક્ષણ માળખાંની હાલત અંગે શરૂ થયેલી યુવાનોની નારાજગી મૂળમાં સરકાર દ્વારા અપૂરતા નાણાં ફાળવાતા હોવાનું સામે આવી ચુક્યું છે. આવી નારાજગી હવે સ્પેન અને યુરોપના અન્ય દેશોમાં ઊભા થઈ રહ્યાના અહેવાલ છે. ખાસ તો આ દેશોમાં જન્મ દર ઘટી રહ્યો છે અને સરેરાશ ઉમર વધી રહી છે. પરિણામે યુવાનોની સરખામણીએ બુઝર્ગોની સંખ્યા સતત વધી રહી છે. યુરોપના દેશો વધતી જતી બુઝુર્ગોની વસ્તીની સરખામણીને મસમોટા પેન્શન ચુકવે છે. આ બોજો તેમનાં બજેટ પર સતત વધી રહ્યો છે. સરકારો ઈચ્છે, તો પણ પેન્શનમાં કાપ મૂકી શકે તેમ નથી એટલે અન્ય ખર્ચમાં નાણાકીય ફાળવણી ઓછી થાય છે. ફ્રાંસમાં શિક્ષણની પાછળ ખર્ચ વધારવા માટે પૈસા નથી એટલે તેના યુવાનો માટેનાં માળખાંને સુધરાવનો કોઈ માર્ગ જણાતો નથી. એક આંકડા મુજબ ફ્રાંસની સરકાર તેના જીડીપીનો ૫.૧ ટકા હિસ્સો શિક્ષણ માટે ફાળવે છે, પણ તેનો મોટે હિસ્સો નિવૃત્ત શિક્ષકોનાં પેન્શન ચૂકવવામાં જતો રહે છ અને શિક્ષણ માળખાંને સુધરવા બહુ ઓછું ફંડ બચે છે. આ ખર્ચને ઘટાડા માટે ૨૦૨૩માં સરકારે નિવૃત્તીની વય ૬૨ વર્ષથી વધારીને ૬૪ વર્ષ કરવાનો નિર્ણય લીધો હતો, પણ વિરોધને કારણે તેનો અમલ રોકવો પડયો હતો. ફ્રાંસ માટે આર્થિક મોરચે પડકાર દિવસ મુશ્કેલ બની રહ્યો છે. સરકારી દેણાને લીધે રોકાણકારોને ચિંતા છે. વ્યાજના દર છેલ્લા ૨૫ વર્ષની ટોચે આંબી ગયા છે. આમ છતાં આવતા વર્ષના બેજટમાં કોઈ મોટો ફેરફાર આવે એવી શક્યતા બહુ ઓછી જણાય છે.

સરકાર નાના નાના પગલાં લઈને સ્થિતિને સંભાળવા મથી રહી છે. આ ઉપરાંત ગેરકાયદે વસાહતીઓને સરળતાથી પ્રવેશ કરવા દેવાની ફ્રાંસ અને અન્ય યુરોપીયન દેશોની નીતિના જોખમો હવે સામે આવવા લાગી રહ્યા છે.

હજારોની સંખ્યામાં શરણ અપાયેલા આ ગેરકાયદે વસાહતીઓની પાછળ પણ મસમોટોખર્ચ થાય છે. આ ખર્ચ પછી પણ વિરોધ તોફોનમાં સામેલ થઈને આ તત્ત્વોએ લૂંટફાટ મચાવી હોવાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. આમ ફ્રાંસ હાલે ભારે કપરા પડકારોનો સામનો કરી રહ્યંક્ક છે. યુરોપના અન્ય દેશો માટે આ અગમના એંધાણ છે.

ક્વાડ સમિટમાં મોદી અને ટ્રમ્પે એક મંચ શેર કર્યો



ટ્રમ્પે મોદીને ગણાવ્યા ખૂબ જ મજબૂત વ્યક્તિ અને મહાન નેતા, સુપર ઇન્ટેલિજન્સ AIને ગણાવી મોટી તક; ૧૯ નવેમ્બરે ટ્રમ્પ-પુતિન-જિનપિંગની ત્રિપક્ષીય બેઠક પર દુનિયાની નજર

(સંપૂર્ણ સમાચાર સેવા)

ફિલિપાઇન્સ,તા.૧૭ : આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં મહત્ત્વપૂર્ણ ગણાતી ક્વાડસમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એક જ મંચ પર જોવા મળ્યા હતા. ફિલિપાઇન્સની રાજધાની મનીલામાં ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલી આ બેઠકમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના નેતાઓ સામેલ થયા હતા. બેઠક દરમિયાન ટ્રમ્પે વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતાં તેમને 'ખૂબ જ મજબૂત વ્યક્તિ' અને 'મહાન નેતા' ગણાવ્યા હતા. બીજી તરફ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને સુપર ઇન્ટેલિજન્સ ટેકનોલોજી અંગે પણ ટ્રમ્પે મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યાં હતાં. ક્વાડ સમિટ દરમિયાન ચારેય દેશોના નેતાઓ ફોટો સેશન માટે એકસાથે આવ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે વડાપ્રધાન મોદી તરફ ઇશારો કરીને તેમની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે મોદી ખૂબ જ મજબૂત વ્યક્તિ છે અને તેઓ તેમના મિત્ર પણ છે. ટ્રમ્પે મોદીને મહાન નેતા ગણાવતાં કહ્યું કે દુનિયાભરમાં તેમનું સન્માન કરવામાં આવે છે. ટ્રમ્પે જાપાનનાં વડાપ્રધાન સાને તાકાઇચીની પણ પ્રશંસા કરી હતી. આ મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધોની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બેઠક દરમિયાન ટ્રમ્પે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વધતી ભૂમિકા અને ભવિષ્યની ટેકનોલોજી અંગે વાત કરી હતી. તેમણે સુપર ઇન્ટેલિજન્સને ઔદ્યોગિક ક્રાંતિ બાદની સૌથી મોટી વિકાસની તક ગણાવી હતી.

ટ્રમ્પે ક્વાડ દેશો વચ્ચે ટેકનોલોજી ક્ષેત્રે સહયોગ વધારવા માટે નવા સુપર ઇન્ટેલિજન્સ એક્સિલરેટરની પણ જાહેરાત કરી હતી. આ પહેલને ૮.૫ કરોડ ડોલરથી વધુનું સમર્થન મળવાનું જણાવાયું હતું. તેનો હેતુ ચારેય દેશો વચ્ચે નવી ટેકનોલોજી અને AI ક્ષેત્રે સહયોગ વધારવાનો છે. ચીન સાથેના સંબંધો અને મતભેદો અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે બંને દેશોએ પોતાના મતભેદોને સારી રીતે સંભાળ્યા છે. જોકે, બંને દેશોના કેટલાક મુદ્દાઓ પર અલગ-અલગ મંતવ્યો છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ આગામી દિવસોમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળવાના છે.

હવે આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ચીનના શેનઝેનમાં યોજાનારી સંભવિત ત્રિપક્ષીય બેઠક ચર્ચામાં છે. APEC સમિટ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે બેઠક યોજાવાની છે.

આ બેઠકમાં વૈશ્વિક સુરક્ષા, પરમાણુ હથિયારો પર નિયંત્રણ, વેપાર અને આંતરરાષ્ટ્રીય સંબંધો જેવા મુદ્દાઓ ચર્ચામાં રહેવાની શક્યતા છે.

આ ત્રણેય મહત્ત્વના દેશોના નેતાઓ વચ્ચેની મુલાકાત પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે. આમ, એક તરફ મનીલામાં ક્વાડ દેશો વચ્ચે સહયોગની નવી દિશા નક્કી થઈ રહી છે, તો બીજી તરફ શેનઝેનમાં ત્રણ મહાસત્તાઓના નેતાઓની બેઠક વૈશ્વિક રાજનીતિ માટે મહત્ત્વપૂર્ણ બની રહી છે.

પાકિસ્તાનના મંત્રીને ભારત સરકાર બિરયાની ખવડાવશે

૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન દિલ્હીમાં યોજાનારા સંમેલનમાં પાકિસ્તાની મંત્રી મુસાદિક મલિક લેશે ભાગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭: ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે નવી દિલ્હીમાં યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની બેઠકને લઈને દેશના રાજકારણમાં નવો વિવાદ ઊભો થયો છે.

ભારત સરકારે SCOના તમામ સભ્ય દેશોને સંમેલનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. પાકિસ્તાને પણ આ આમંત્રણ સ્વીકાર્યું છે અને પોતાના પર્યાવરણ તથા જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિકને ભારત મોકલવાનો નિર્ણય કર્યો છે. આ મુદ્દે કોંગ્રેસે કેન્દ્રની મોદી સરકારને ઘેરતા સવાલ કર્યો છે કે જે પાકિસ્તાન સામે આતંકવાદને લઈને ભારત સતત અવાજ ઉઠાવે છે, તેના મંત્રીનું હવે ભારતમાં સ્વાગત કરવામાં આવશે અને તેમને બિરયાની ખવડાવવામાં આવશે? કોંગ્રેસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મોદી સરકારની પાકિસ્તાન નીતિ સામે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસનો આરોપ છે કે પાકિસ્તાન દ્વારા આતંકવાદી હુમલાઓમાં ભારતીય નાગરિકોના જીવ ગયા હોવા છતાં સરકાર પાકિસ્તાની મંત્રીની મહેમાનગતિ કરવા જઈ રહી છે.

કોંગ્રેસે મુસાદિક મલિકના જૂન મહિનાના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો હતો. મલિકે સિંધુ જળ સમજૂતીના મુદ્દે ભારતને ધમકી આપતાં કહ્યું હતું કે પાકિસ્તાનના પાણીના હકમાં દખલ કરનાર હાથ કાપી નાખવામાં આવશે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ સરકારને સવાલ કર્યો કે એપ્રિલ ૨૦૨૫માં પહેલગામના બૈસરન વિસ્તારમાં થયેલા આતંકી હુમલા બાદ અત્યાર સુધીમાં એવું શું બદલાયું છે કે પાકિસ્તાન સાથે આ પ્રકારની ભાગીદારી થઈ રહી છે? તેમણે કહ્યું કે SCO બહુપક્ષીય સંગઠન હોવાથી તમામ સભ્ય દેશોની ભાગીદારી સ્વાભાવિક છે, પરંતુ પાકિસ્તાનના આતંકવાદ સંબંધિત વલણમાં કોઈ મૂળભૂત ફેરફાર દેખાતો નથી. નવી દિલ્હીના ઐતિહાસિક પુરાના કિલ્લામાં ૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન SCO સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમ યોજાવાનો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે મુસાદિક મલિકને દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે નિયુક્ત કર્યા છે.

સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં ઓઈલ ટેન્કર બારૂદી સુરંગ સાથે અથડાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં દરિયાઈ સુરક્ષાને લઈને ચિંતાજનક ઘટના સામે આવી છે. ઓમાનના ખાસાબના દરિયાકાંઠાથી આશરે ૧૩ કિલોમીટર દૂર એક ઓઈલ ટેંકર દરિયાઈ બારૂદી સુરંગ સાથે અથડાયું હોવાની માહિતી સામે આવી છે. ટક્કર બાદ ટેંકરના એન્જિન રૂમમાં આગ લાગી હતી અને જહાજની કામગીરી પર ગંભીર અસર પડી હતી.

બ્રિટનની મેરિટાઇમ સિક્યુરિટી એજન્સી UKMTO એ ઘટનાની જાણકારી આપી છે. પ્રાથમિક માહિતી મુજબ ટેંકરમાં સવાર તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાનું જણાવાયું છે. જોકે, જહાજને થયેલા નુકસાનની સંપૂર્ણ વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી.

ઈરાની નૌકાદળે પણ ઘટનાની પુષ્ટિ કરતાં ટેંકરને મોટું નુકસાન થયું હોવાનું જણાવ્યું છે. ઈરાનનો દાવો છે કે જહાજ પ્રતિબંધિત દરિયાઈ વિસ્તારમાં પ્રવેશ્યું હતું અને તેની નેવિગેશન સિસ્ટમ પણ બંધ હતી. ઈરાન અગાઉથી જ આ વિસ્તારમાં જહાજોની અવરજવર અંગે ચેતવણી આપી રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દરિયાઈ સુરંગ સાથે ટેંકરો અથડાવાની આ ચોથી ઘટના હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અગાઉ પણ કેટલાક ઓઈલ ટેંકરો દરિયાઈ સુરંગની અડફેટે આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. કેટલાક જહાજોમાં આગ લાગવાથી ગંભીર નુકસાન થયું હોવાનું પણ જણાવાયું છે.

આ સતત ઘટનાઓને કારણે વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંના એક સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં સુરક્ષાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વધી છે.

સ્ટ્રેટ ઑફ હોર્મુઝ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. અહીંથી મોટા પ્રમાણમાં કાચું તેલ અને કુદરતી ગેસનું પરિવહન થાય છે. તેથી આ માર્ગ પર વધતી અસ્થિરતા માત્ર શિપિંગ કંપનીઓ માટે જ નહીં, પરંતુ વૈશ્વિક ઊર્જા બજાર માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે.

ભારતમાં બેરોજગારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : ભારતમાં રોજગારી ક્ષેત્રે ઓક્ટોબર દરમિયાન સકારાત્મક સુધારો નોંધાયો છે. સપ્ટેમ્બરમાં ૫ ટકા રહેલો દેશનો બેરોજગારી દર ઓક્ટોબરમાં ઘટીને ૪.૯ ટકા થયો છે.

આ દરમિયાન ખાસ કરીને શહેરી વિસ્તારો અને મહિલાઓની રોજગારીની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. શ્રમ બજારમાં ભાગીદારી વધવાની સાથે કામ કરતા લોકોના પ્રમાણમાં પણ વધારો નોંધાયો છે.

ઓક્ટોબરમાં શહેરી બેરોજગારી દર સપ્ટેમ્બરના ૬.૯ ટકાથી ઘટીને ૬.૭ ટકા થયો હતો. બીજી તરફ ગ્રામીણ બેરોજગારી ૪.૨ ટકાના સ્તરે સ્થિર રહી હતી. આ આંકડા દર્શાવે છે કે ઓક્ટોબર દરમિયાન શહેરી રોજગાર બજારમાં થોડો સુધારો થયો છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની સ્થિતિ અગાઉના મહિના જેટલી જ રહી છે. મહિલાઓની શ્રમ બજારમાં ભાગીદારીમાં પણ વધારો નોંધાયો છે. કુલ મહિલા લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ સપ્ટેમ્બરના ૩૪.૬ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૩૫ ટકા થયો હતો.

એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં આ દર ૩૪.૨ ટકા હતો.

દેશનો કુલ લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ એટલે કે LFPR સપ્ટેમ્બરના ૫૫.૫ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૫૫.૭ ટકા થયો હતો. જ્યારે વર્કર પોપ્યુલેશન રેશિયો એટલે કે WPR ૫૨.૭ ટકાથી વધીને ૫૩ ટકા થયો હતો. આ બંને આંકડા રોજગાર બજારમાં ભાગીદારી અને કામ કરતા લોકોના પ્રમાણમાં સુધારો દર્શાવે છે.

રાહુલ ગાંધીના ૪૮ સવાલો પર સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને જવાબ રજૂ કરવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : ચૂંટણી પંચની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) અને મતદાર યાદીમાં થયેલા ફેરફારોને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ઈન્ડિયા બ્લોકના નેતાઓએ ચૂંટણી પંચને ૪૮ લેખિત સવાલો પૂછવાની મંજૂરી માગી છે. આ અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને પોતાનો જવાબ અને વાંધા રજૂ કરવા જણાવ્યું છે. હવે આ મામલે આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે થશે.

રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓએ અરજીમાં ચૂંટણી પંચને ૪૮ પ્રશ્નોના જવાબ સોગંદનામા મારફતે આપવા દેવાની માગણી કરી છે. આ પ્રશ્નો મુખ્યત્વે દેશવ્યાપી SIR પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો, તેની પ્રક્રિયા શું હતી અને ચૂંટણી પંચના ત્રણેય સભ્યોની તેમાં સંમતિ હતી કે નહીં તે અંગે છે.

અરજદારોનો દાવો છે કે SIR દરમિયાન મતદાર યાદીમાં મોટા પાયે નામો દૂર કરવામાં આવ્યા હોવાના સવાલો ઊભા થયા છે. આ અંગે ચૂંટણી પંચના નિર્ણય અને તેની પાછળની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે.

અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ તથા વિવેક જોશીએ SIR સંબંધિત નિર્ણયો સર્વસંમતિથી લીધા હતા કે નહીં તે અંગે પણ માહિતી માગવામાં આવી છે.

ચૂંટણી પંચ તરફથી નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, અરજદારો આ દાવાને સમર્થન આપતા દસ્તાવેજો, ફાઇલ નંબર અને સંબંધિત બેઠકોની વિગતો પણ જાણવા માગે છે. વિપક્ષના ૪૮ પ્રશ્નોમાં SIR દરમિયાન મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયા અંગે પણ પ્રશ્નો સામેલ છે. ઓનલાઈન ફોર્મ-૬માં કરવામાં આવેલા ફેરફારો, મતદાર ડેટાબેઝની પ્રક્રિયા અને મોટા પાયે નામો દૂર કરવાની કાર્યવાહી અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે. આ ઉપરાંત મતદાર યાદીના ડેટાબેઝ સુધી ખાનગી કોન્ટ્રાક્ટરોને કોઈ પ્રકારની એક્સેસ આપવામાં આવી હતી કે નહીં અને મતદારોના નામ દૂર કરવાનો નિર્ણય કયા સ્તરે અને કોના આદેશથી લેવામાં આવ્યો હતો તે અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

ઈન્ડોનેશિયામાં ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : ઈન્ડોનેશિયામાં સોમવારે વહેલી સવારે ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. યુએસ જિયોલોજિકલ સર્વે (USGS) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઈન્ડોનેશિયાના તુઆલ શહેરથી આશરે ૧૫૧ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશામાં બાંદા સમુદ્રમાં હતું. ભારતીય સમય અનુસાર ૧૬ નવેમ્બરે વહેલી સવારે આશરે ૨:૪૧ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની ઊંડાઈ શરૂઆતમાં આશરે ૩૫ કિલોમીટર નોંધવામાં આવી હતી, જ્યારે બાદમાં ઉપલબ્ધ માહિતી મુજબ તેની ઊંડાઈ આશરે ૬૮ કિલોમીટર હોવાનું સામે આવ્યું હતું. ભૂકંપ બાદ USGSની PAGER સિસ્ટમ દ્વારા 'ગ્રીન એલર્ટ' જાહેર કરવામાં આવ્યું હતું. આ એલર્ટ સામાન્ય રીતે મોટા પાયે જાનમાલ અથવા સંપત્તિના નુક

સાનની સંભાવના ઓછી હોવાનું સૂચવે છે.

ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં અને પ્રમાણમાં વધુ ઊંડાઈએ હોવાથી તેની અસર સપાટી પર મર્યાદિત રહી હોવાનું માનવામાં આવે છે. આસપાસના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ પ્રકારના આંચકા અનુભવાયા હોવાના અહેવાલો સામે આવ્યા હતા.

ભૂકંપ બાદ ઈન્ડોનેશિયાની હવામાન અને ભૂકંપ સંબંધિત એજન્સી BMKG દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી હતી. સત્તાવાર માહિતી મુજબ આ ભૂકંપથી સુનામીનું કોઈ જોખમ નથી. હાલ સુધી પ્રાપ્ત અહેવાલો મુજબ ભૂકંપના કારણે કોઈ મોટી જાનહાનિ કે વ્યાપક સંપત્તિના નુકસાનના સમાચાર સામે આવ્યા નથી.

દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક લોકોને આંચકા અનુભવાયા હતા, પરંતુ મોટા પાયે માળખાકીય નુકસાન નોંધાયું નથી.

શિંદે-ઠાકરે ફરી એક થશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)

મહારાષ્ટ્ર,તા.૧૭ : મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ફેરફારના એંધાણ જોવા મળી રહ્યા છે. NCPના બંને જૂથોના સંભવિત વિલયની ચર્ચા વચ્ચે હવે શિવસેનાના શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથના એકીકરણની અટકળોએ પણ જોર પકડ્યું છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના તરફથી ઉદ્ધવ ઠાકરે જૂથને સાથે આવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવે આ અંગે મહત્વનું નિવેદન આપતાં કહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે જૂથ શિંદે જૂથ સાથે વિલય કરી શકે છે, પરંતુ તેના માટે બાળાસાહેબ ઠાકરેના આદર્શોને સ્વીકારવાની શરત રહેશે.

જોકે, આ પ્રસ્તાવ અંગે ઉદ્ધવ ઠાકરે જૂથ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. પ્રતાપ જાધવે જણાવ્યું હતું કે અગાઉના કેટલાક નેતાઓ શિવસેનાની મૂળ નીતિઓથી દૂર થઈ ગયા હતા, જેના કારણે તેઓ એકનાથ શિંદે સાથે ગયા હતા. તેમના જણાવ્યા મુજબ, શિંદે બાળાસાહેબ ઠાકરેના આદર્શોનું પાલન કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે જૂથના નેતાઓ પણ બાળાસાહેબ ઠાકરેના વિચારો અને આદર્શોને સ્વીકારતા હોય, તો તેમનું સ્વાગત છે. આ નિવેદન બાદ બંને જૂથોના સંભવિત એકીકરણ અંગે રાજકીય ચર્ચા વધુ તેજ બની છે.

શિવસેનાના નેતા ચંદ્રકાંત રઘુવંશીએ પણ બંને નેતાઓના ફરી સાથે આવવાની સંભાવનાને લઈને સકારાત્મક વાત કરી છે. તેમણે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે ફરી એક થાય તો તે મહારાષ્ટ્ર માટે ખુશીની વાત હશે

.સાંસદ ઓમરાજ નિમ્બાલકરે પણ બંને શિવસેના જૂથો એક થાય તો તેનો લાભ સામાન્ય જનતાને થઈ શકે તેવી વાત કરી છે.

સિક્કિમમાં ચીની વિમાન ઘૂસણખોરીનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭

તાજેતરમાં જ ચીન સરહદે તૈનાત સૈન્ય આઇટીબીપીના વડાએ ચીનની ઘુસણખોરી મુદ્દે ચેતવણી આપી હતી, એવામાં હવે ચીન ભારતના વિસ્તારોમાં યુદ્ધ વિમાન ઘૂસાડી રહ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે.

એક અહેવાલ મુજબ ચીનના સૈન્યનું એક એરક્રાફ્ટ કથીત રીતે સિક્કિમમાં ભારતીય એરસ્પેસમાં ઘૂસી આવ્યું હતું, એટલુ જ નહીં ૨૦થી ૨૫ મિનિટ સુધી આ એરક્રાફ્ટ ભારતીય એરસ્પેસમાં સિક્કિમ પર જ ફરતું રહ્યું હતું. આ વિસ્તારમાં ચિકન નેક આવેલ છે જે અત્યંત સંવેદનશિલ વિસ્તાર જાહેર કરાયેલ છે. મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનનું વિમાન ભારતીય સરહદમાં ઘુસવાની આ ઘટના ૧૨મી તારીખની એટલે કે ગત સમાહની છે. જે વિસ્તારમાં આ ચીનનું એરક્રાફ્ટ ઘૂસ્યું હતું તેને અતિ સંવેદનશીલ માનવામાં આવે છે, સિલિગુડી કોરિડોર એટલે કે ચિકન નેક તરીકે ઓળખાતા આ વિસ્તાર નજીક જ ચીનનું આ એરક્રાફ્ટ જોવા મળ્યું હતું.

સુત્રોના જણાવ્યા મુજબ વહેલી સવારે આઠ વાગ્યા આસપાસ ઇન્ડિયન એરફોર્સે ચીનના આ વિમાનની ઘૂસણખોરીની નોંધ લીધી હતી.

બાદમાં અનેક ચેતવણીઓ પણ જારી કરવામાં આવી હતી તેમ છતા યુદ્ધ વિમાન પરત નહોતું જઈ રહ્યું. આશરે ૨૫,૦૦૦ ફૂટની ઉંચાઇ પર આ ચીની વિમાન ડિટેક્ટ થયું હતું. જે વિસ્તારમાં આ ચીનનું વિમાન જોવા મળ્યું ત્યાં ચિકન નેક તરીકે ઓળખાતો વિસ્તાર આવેલો છે. આ વિસ્તાર ચીન, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ નજીક આવેલો છે અને માત્ર ૨૦થી ૨૨ કિમી સુધીનો જ છે.

યુક્રેન સામે રશિયાની નવી સેટેલાઈટ વ્યૂહરચના

(સંપૂર્ણ સમાચાર સેવા)

મોસ્કો, તા.૧૭

રશિયાના લશ્કરી અધિકારીઓએ દાવો કર્યો હતો કે જમીન તેમ જ દરિયાઈ માર્ગેથી યુક્રેને સેંકડો ડ્રોન હુમલા કર્યા હતા. એક જ રાતમાં રશિયન લશ્કરે ૧૩૦૦થી વધુ ડ્રોનને તોડી પાડયા હતા.

જોકે, યુક્રેને ડ્રોન તોડી પાડવાના રશિયાના દાવા સામે કોઈ જવાબ આપ્યો ન હતો. રશિયાએ પણ વળતા હુમલા કર્યા હતા. યુક્રેનના અધિકારીઓના દાવા પ્રમાણે યુક્રેનના દક્ષિણ-પૂર્વના શહેર જાપોરેજિયામાં રાતભર રશિયાના હુમલા શરૂ રહ્યા હતા, જેમાં અનેક લોકોને ઈજા પહોંચી હતી. રશિયા-યુક્રેન વચ્ચે સામ-સામ હુમલા ચાલી રહ્યા છે. રશિયાએ છેલ્લાં થોડા દિવસમાં યુક્રેનને નિશાન બનાવીને ૨૩૦૦થી વધુ ડ્રોન હુમલા કર્યા હતા. તેના જવાબમાં યુક્રેને પણ એક જ રાતમાં સેંકડો ડ્રોન હુમલા કર્યા હતા. રશિયન અધિકારીઓના દાવા પ્રમાણે કાળા સમુદ્રના રસ્તે તેમ જ જમીની માર્ગે રશિયાને નિશાન બનાવતા ૧૩૦૦ ડ્રોન હુમલાને નાકામ બનાવાયા હતા. એક જ રાતમાં રશિયન લશ્કરે યુક્રેનના ડ્રોન્સને તોડી પાડયા હતા. યૂરી સ્લ્યૂસરમાં યુક્રેનના હુમલાથી બે વીજળીના સ્ટેશનોને નુકસાન થયું હતું. એક એન્જિનિયરનું આ હુમલામાં મોત પણ થયું હતું. અનેકને ઈજા પહોંચી હતી. બીજી તરફ રશિયાએ હુમલા કર્યાનો દાવો યુક્રેને કર્યો હતો અને તેમાં શહેરોની ઘણી ઈમારતોને નુકસાન થયાનું અને લોકો ઈજાગ્રસ્ત બન્યાનું કહેવાયું હતું. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ દાવો કર્યો હતો કે છેલ્લાં મહિનાઓમાં થયેલા યુક્રેનના હુમલાથી રશિયાને મોટો ફટકો પડયો છે. રશિયાની ૫૫ ટકા ઓઈલ રિફાઈનરી ક્ષમતા ઘટી ગઈ છે. ઝેલેન્સ્કીના કહેવા પ્રમાણે યુક્રેનની મિડલ રેન્જની મિસાઈલે રશિયાની ઇન્ટલાઈન ઓઈલ સપ્લાયને તબાહ કરી દીધી છે.

જોકે, રશિયાએ આ દાવાનો ઈનકાર કર્યો હતો. દરમિયાન યુરોપિયન સંઘના વિદેશ મંત્રીએ કહ્યું હતું કે રશિયા જાણી જોઈને યુક્રેન સાથેની શાંતિમંત્રણા થવા દેતુ નથી.

કારણ કે આ યુદ્ધના કારણે પાવર પ્લાન્ટ્સને નુકસાન થઈ રહ્યું છે અને શિયાળો આવી રહ્યો હોવાથી રશિયા ઈચ્છે છે કે યુરોપમાં પાવર કટોકટી સર્જાય. રશિયા-યુક્રેને તુરંત સીઝફાયરના નિયમો પાળવા જોઈએ. યુરોપિયન સંઘના અન્ય નેતાઓએ પણ રશિયા-યુક્રેનનું યુદ્ધ હવે અટકાવવું જોઈએ એવી સલાહ આપીને ચિંતા વ્યક્ત કરી હતી.

જુહાપુરામાં ડ્રગ્સ ફેક્ટરી કેસમાં મધ્યપ્રદેશના ડ્રગ્સ માફિયા સુધી કનેક્શન ખુલ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૧૭ : અમદાવાદના જુહાપુરામાં બંગલાના ભોયરામાંથી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપાતાં સ્થાનિક પોલીસના ઈન્ટેલિજન્સ નેટવર્કની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ પેટ્રોલિંગ અને પોલીસના બાતમીદારોનું નેટવર્ક હોવા છતાં અઢી વર્ષથી આ ડ્રગ ફેક્ટરી ધમધમતી હોવાનીની ગંધ પણ કેમ ન આવી, તેવો ગંભીર સવાલ ઊપસ્થિત થઈ રહ્યો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અમદાવાદ ઝોનલ યુનિટે જુહાપુરાના લેબેક પાર્ક વિસ્તારમાં આવેલા એક બંગલાના ભોંયરામાં દરોડો પાડીને ડ્રગ બનાવવાની ફેક્ટરી ઝડપી લીધી હતી. આ કેસમાં આરોપી મુદસર ખાન પઠાણની ધરપકડ કરાઈ હતી અને તેની પાસેથી ૧૩૦ કિલો કેમિકલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. કોર્ટે આરોપીના એક દિવસના રિમાન્ડ પણ મંજૂર કર્યા હતાં. આ કેસમાં મકાનમાલિક મુદસર પઠાણની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જ મધ્યપ્રદેશના ડ્રગ માફિયાઓ સાથેનાં તાર જોડાયેલા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

મધ્ય પ્રદેશના મંદસોર અને નીમચ ઉપરાંત ઉત્તર પ્રદેશના બારાબંકી સાથે જોડાયેલા ડ્રગ માફિયાના નામ ખૂલ્યા હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું છે. આ નેટવર્ક દ્વારા ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં એમડી ડ્રગ સપ્લાય કરવામાં આવતું હોવાનું જણાયું છે. એમડી ડ્રગ બનાવવા માટે જરૂરી કેમિકલ ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાંથી પણ સપ્લાય થતાં હતાં.

ગુજરાત ઉપરાંત મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ અને બેંગલુરુ જેવા શહેરોની રેવ પાર્ટીઓમાં યુવાધનને એમડી ડ્રગ પહોંચાડવામાં આવતું હોવાની આશંકા છે. આરોપી મુદસરની માતાએ દાવો કર્યો છે કે, અગાઉ તેનો દીકરો અનેક કેફે ધરાવતો હતો પરંતુ શિવાલિંગમ નામના શખસ જોડે રહીને તે આડામાર્ગે વળ્યો હતો. શિવાલિંગમે ઘર અને કેફે પડાવી લીધા હતા અને નાણાં ડૂબવાના તણાવમાં તે ડ્રગ્સ તરફ વળ્યો હોઈ શકે. પોલીસ હવે આ ડ્રગના કાળા કારોબારમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે તેની તપાસ કરી રહી છે.

રાજ્યમાં શિયાળુ વાવેતર ટાણે

રોજ ૧૦ કલાક વીજળી આપવા કિસાન સંઘની રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૭ : રાજ્યમાં હાલમાં રવિ (શિયાળુ) વાવેતરની મોસમ પુરજોશમાં ચાલી રહી છે, ત્યારે શિયાળુ સિઝન દરમિયાન ઘઉં, જીરું, રાયડો અને શાકભાજી જેવા શિયાળુ પાકો માટે પાણીની આવશ્યકતા સૌથી વધુ રહેતી હોય છે. પૂરતા વીજ પ્રવાહના અભાવે ખેડૂતો સમયસર પોતાના ખેતરોમાં પિયત કરી શકતા નથી. જેના કારણે ખેડૂતોને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં વીજળી ન મળતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. ખેતીના પાકને સમયસર પાણી મળી રહે અને ઉત્પાદનમાં ઘટાડો ન થાય તે માટે ખેડૂતો અને કિસાન સંઘ દ્વારા સરકાર સમક્ષ મોરચો માંડવામાં આવ્યો છે. આ સંદર્ભમાં કિસાન સંઘ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ને સત્તાવાર રીતે લેખિત રજૂઆત કરીને સિંચાઈ અર્થે દૈનિક ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાની માંગ કરવામાં આવી છે.

ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આ સમસ્યા ગંભીર બની છે. કિસાન સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ મહેસાણા, પાટણ અને અમદાવાદ સહિતના અસંખ્ય જિલ્લાઓમાં ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, જ્યાં ભૂગર્ભ જળ ખેંચવા માટે નિયમિત અને પૂરતી વીજળી મળવી અત્યંત આવશ્યક છે. ખેડૂતો દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતના પગલે હવે રાજ્ય સરકાર અને વીજ કંપનીઓ પર દબાણ વધ્યું છે.

ગંદકી ફેલાવનારાઓ સામે પાલિકાની લાલ આંખ

બીલીમોરા બસ ડેપો પાસે ફાસ્ટ ફૂડ સંચાલક પાસેથી દંડ વસૂલાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૭ : સ્વચ્છ બીલીમોરા શહેરની સુંદરતાને ગંદકીનું ગ્રહણ લગાવનારા તત્વો સામે હવે નગરપાલિકાએ કડક વલણ અપનાવ્યું છે.

બીલીમોરા બસ ડેપો નજીક આવેલી એક ફાસ્ટ ફૂડની દુકાનના કારણે મુખ્ય માર્ગ પર ગટર ઉભરાઈ હતી અને ગંદા પાણીની રેલમછેલ થતા આસપાસ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હતું. આ બાબતની ગંભીર નોંધ લઈ બીલીમોરા પાલિકાના સેનેટરી વિભાગે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ જવાબદાર દુકાનદાર પાસેથી સ્થળ પર જ દંડ વસૂલી કડક કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલે સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે, શહેરમાં ગંદકી ફેલાવનારા લોકો સામે આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે આકરા પગલાં લેવામાં આવશે અને કોઈની પણ શેહશરમ રાખવામાં આવશે નહીં. આ સાથે જ પાલિકા તંત્ર દ્વારા તમામ નગરજનોને શહેરની સ્વચ્છતા જાળવવામાં સહકાર આપવા અને બીલીમોરાની છબીને વધુ ઉજળી બનાવવા અપીલ કરવામાં આવી છે.

બેંકોની જાહેર રજામાં ડો. આંબેડકરની જયંતીની તારીખમાં સુધારો કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૧૭ : ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૭ની બેંકોની જાહેર રજાઓ અંગે ગત ૪થી, નવેમ્બર, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતીની તારીખ, વાર અને શક સંવત બાબતે શરતચૂકથી થયેલી ભૂલ સુધારવામાં આવી છે. જેમાં અગાઉના જાહેરનામામાં આ રજા શરતચૂકથી ૧૪, એપ્રિલ, ૨૦૨૬ દર્શાવવામાં આવી હતી. આ સંદર્ભે ૧૬, નવેમ્બર, ૨૦૨૬ના રોજ નવું સુધારેલું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

નવા સુધારા મુજબ, વર્ષ ૨૦૨૭માં ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતીની જાહેર રજા હવે બુધવાર, ૧૪, એપ્રિલ, ૨૦૨૭ના રોજ રહેશે. આ દિવસની અન્ય પંચાંગની વિગતો જોઈએ તો, શક સંવત ૧૯૪૯ની ૨૪ ચૈત્ર અને વિક્રમ સંવત ૨૦૮૩ની ચૈત્ર સુદ-૮ રહેશે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ એક જ બાબતના સુધારા સિવાય અગાઉના મૂળ જાહેરનામાની બાકીની તમામ રજાઓ અને વિગતો યથાવત્ રહેશે.

કોંગ્રેસના મોંઘવારી મુદ્દે ભાજપ સરકાર સામે આક્રમક પ્રહાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૭ : રાજ્યમાં વધતી જતી મોંઘવારીએ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું આર્થિક બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે, ત્યારે આ મુદ્દે રાજ્ય અને કેન્દ્ર સરકારને ઘેરવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આક્રમક રણનીતિ અપનાવી છે. અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાના વાયદા સાથે સત્તા પર આવેલી ભાજપ સરકારના ૧૨ વર્ષના શાસનમાં મોંઘવારી પર અંકુશ મેળવવામાં સંપૂર્ણ નિષ્ફળતા મળી છે. સરકાર એક તરફ કરવેરાનું ભારણ વધારીને તિજોરી ભરી રહી છે અને બીજી તરફ ઉત્સવો પાછળ નાણાં વેડફી રહી છે, જેના પરિણામે ગેસ, દૂધ, ખાદ્યતેલ અને ઈંધણના ભાવોએ સામાન્ય જનતાની કમર તોડી નાખી છે. ગૃહિણીઓ અને જનતાના આક્રોશને વાચા આપવા માટે કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં રસ્તા પર ઉતરીને મોંઘવારી વિરુદ્ધ ઉગ્ર લડત આપશે.

તેમણે કહ્યું કે હવે જનતા કહે છે કે 'બહુત હુઈ મહેંગાઈ કી માર, અબ હટાઓ ભાજપ સરકાર.' એક તરફ સરકાર વિવિધ કરવેરા દ્વારા જનતાના ખિસ્સા ખાલી કરી પોતાની તિજોરી ભરે છે અને બીજી તરફ ઉત્સવો, તાયફાઓ તથા રાજકીય કાર્યક્રમો પાછળ નાણાં ખર્ચે છે. ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, દૂધ, છાશ, ખાદ્યપદાર્થો, પેટ્રોલ-ડીઝલ, સીએનજી અને પીએનજી સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધતાં સામાન્ય પરિવાર માટે ઘરનું બજેટ ચલાવવું મુશ્કેલ બન્યું છે.

અગાઉની યુપીએ સરકારના સમયના ભાવોની તુલના કરતા તેમણે કહ્યું કે, તે સમયે રૂ. ૩૫૦થી ૪૦૦માં મળતો ગેસ સિલિન્ડર અને રૂ. ૧,૧૦૦થી ૧,૨૦૦માં મળતો ખાદ્યતેલનો ડબ્બો આજે સામાન્ય માનવીની પહોંચથી દૂર થઈ ગયો છે, જેમાં ખાદ્યતેલનો ભાવ રૂ. ૩,૧૧૦ની સપાટીએ પહોંચી ગયો છે. તેલ મિલરો સાથેની સાંઠગાંઠ અને ચૂંટણી ફંડના આક્ષેપો વચ્ચે ગૃહિણીઓ માટે રસોડું ચલાવવું કપરું બન્યું છે. આર્થિક આંકડાઓ ટાંકીને તેમણે ઉમેર્યું કે રિટેલ મોંઘવારીનો દર ૪.૮૮ ટકા અને શાકભાજીના ભાવમાં ૨૨ ટકા જેટલો તોતિંગ વધારો થયો છે, જ્યારે સામે પક્ષે ઔદ્યોગિક ઉત્પાદન ઘટતા રોજગારીની તકો પર માઠી અસર પડી છે.

મુખ્યમંત્રી ૩ દિવસ સુધી ગરબાડાના અંતરિયાળ ગામડાઓની મુલાકાતે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૧૭ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અંતરિયાળ આદિજાતિ વિસ્તાર ગરબાડા તાલુકાના વિવિધ ગામોની ત્રણ દિવસની મૂલાકાતે ૧૮ નવેમ્બર બુધવારથી ૨૦ નવેમ્બર શુક્રવાર દરમિયાન જશે. તેઓ, તેમના આ સમગ્ર પ્રવાસ દરમિયાન ત્રણેય દિવસે અદના આદિવાસી પરિવારોના ઘરે તેમની સાથે બેસીને પરંપરાગત આદિવાસી ભોજન લેશે અને રાત્રી રોકાણ કરશે તથા સ્થાનિક આદિવાસી ભજન મંડળીઓના ભજન કિર્તનનું શ્રવણ કરશે.

મુખ્યમંત્રી આદિજાતિ વિસ્તારના ૭૨ કલાકના પ્રવાસ-મૂલાકાત દરમિયાન ધાનપૂર તાલુકામાં જિલ્લા વહિવટી તંત્રના સંબંધિત વિભાગો સાથે વિકાસ કાર્યોની સમીક્ષા કરશે અને આદિજાતિઓના શ્રદ્ધા - આસ્થા કેન્દ્ર સમા બાબા ધોડાજા દેવ મંદિરમાં દર્શન-પૂજન કરશે. તેઓ, તેમના ત્રિદિવસીય પ્રવાસના અંતિમ ચરણમાં સ્માર્ટ સિટી દાહોદની સરકારી લાયબ્રેરી વાંચનાલયની મૂલાકાત લઈને બાળકો-યુવાઓ સાથે સંવાદ ગોષ્ઠિ કરશે અને ૨૦મી, નવેમ્બર, શુક્રવારે બપોર બાદ ગાંધીનગર પરત આવશે.

તેઓ, લોકોની રજૂઆતો, નાગરિક-ફરિયાદો, લોક-સમસ્યાઓનું ત્વરાએ નિવારણ લાવવા માટે પણ હવે 'આપણા ભૂપેન્દ્રભાઈ'ની ઓળખ ઊભી કરી છે. તેમણે, પોતાની સહજ, સરળતાનો વધુ એક પરિચય આપતાં છેક ગ્રામીણ સ્તરના પાયાના કાર્યકર્તાઓ અને આદિજાતિ ગ્રામજનો સાથે બેસીને સંવાદ અને લોકસંપર્કનો નવતર અભિગમ અપનાવ્યો છે.

પુખ્ત વયના પ્રેમલગ્ન કરેલા દંપતીને પોલીસ હેરાન કરી શકે નહીં: ગુજરાત હાઈકોર્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૧૭ : જ્યારે બે પુખ્ત વયના યુવક અને યુવતી પોતાની પસંદગીના જીવનસાથી સાથે લગ્ન કરે ત્યારે તેમના કાયકાદીય હકો અને અધિકારોની રક્ષા આપતો એક મહત્વનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. આ સંદર્ભના કેસમાં હાથ ધરાયેલી સુનાવણીમાં હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે, જો કોઈ યુવતી કે યુવક કાયદાકીય રીતે પુખ્ત હોય અને તેઓએ પોતાની મરજીથી લગ્ન કર્યા હોય તો તેમના વૈવાહિક કે અંગત જીવનમાં પરિવાર કે પોલીસ કોઈ પણ પ્રકારની દખલગીરી કરી શકે નહી. એક કેસમાં હાઈકોર્ટે દંપતિએ કરેલી પોલીસ રક્ષણની અરજી મંજૂર કરી હતી.

આ અંગે કેસની વિગત મુજબ કાયદાકીય પુખ્ત વયના યુવક અને યુવતીએ ગત ૨૬ ઓક્ટોબરના રોજ પોતાની મરજીથી લગ્ન કર્યા હતા અને ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ-૨૦૨૬ હેઠળ કાયદેસર રીતે લગ્નની નોંધણી પણ મેરેજ રજીસ્ટ્રાર સમક્ષ કરાવી હતી. તેમ છતાં એક ફરિયાદને આધારે પોલીસે જાણવાજોગ નોંધીને નવદંપતીને હેરાન કરવાનું શરુ કર્યું હોવાનો આક્ષેપ છે. તેમજ પોલીસ દ્વારા બંનેના લગ્નમાં સાક્ષી બનેલ વ્યક્તિને પકડીને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. પોલીસની હેરાનગતિથી બચવા દંપતિએ હાઈકોર્ટમાં પોલીસ રક્ષણની માંગ કરતી અરજી કરી હતી. અરજદારો તરફથી એડવોકેટ નીલમ એન. ચૌહાણે રજૂઆત કરી હતી કે, બંને અરજદારો પુખ્ત વયના છે અને તેમણે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી લગ્ન કર્યા છે.હા ઈકોર્ટના જસ્ટિસ મૂલચંદ ત્યાગીની ખંડપીઠે મંજૂરી આપીને દંપતિને મોટી રાહત આપી છે.

ગુજરાતમાં પ્રેમલગ્ન બાદ પરિવાર કે પોલીસના ડરથી હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાના કિસ્સાઓ વધ્યા છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર અને ઓકટોબરે એમ ફક્ત બે મહિમાં જ પોલીસ રક્ષણ માંગતી ત્રણ અરજીઓ હાઈકોર્ટમાં દાખલ થઈ હતી. ઉપરોક્ત કેસમાં ગુજરાત હાઈકોર્ટે આધારકાર્ડ સહિતના દસ્તાવેજો અને લગ્ન પ્રમાણપત્રનું અવલોકન કર્યું હતું.

વડોદરામાં ક્રિકેટર યુસુફ પઠાણને સરકારી જમીન આપવાના કથિત ભ્રષ્ટાચાર અને બેવડા ધોરણો : અમિત ચાવડા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૭ : વડોદરાના વતની અને ક્રિકેટર યુસુફ પઠાણે ટીએમસી સાથે ફાડીને મોદી સરકાર અને એનડીએના સમર્થનમમાં આવતા જ તેમને કરવામાં આવેલી જમીન ફાળવણી સામે કોંગ્રેસે રોષ વ્યક્ત કર્યો છે. પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સામાન્ય જનતા અને ગરીબ પરિવારો માટે લેન્ડગ્રેબીંગના કાયદાના કડક નિયમો લાગુ કરવામાં આવે છે, પરંતુ શાસક પક્ષના માનીતાઓ અને રાજકીય ફાયદા માટે તમામ નીતિ-નિયમો નેવે મૂકી દેવામાં આવે છે.

તેમણે કહ્યું કે ભાજપને સમર્થન કરતા પહેલા ક્રિકેટર યુસુફ પઠાણે માર્ચ ૨૦૧૨માં પોતાના ઘરની બાજુની સરકારી જગ્યા રહેણાંક હેતુ માટે ફાળવવા વડોદરા કોર્પોરેશન પાસે માંગણી કરી હતી. તે સમયે ૨૧ માર્ચ ૨૦૧૨ના રોજ જમીનનું વેલ્યુએશન -તિ ચોરસ મીટર રૂ. ૫૨,૨૭૦ નક્કી થયું હતું અને ભાજપ શાસિત સ્ટેન્ડિંગ કમિટીએ જૂન ૨૦૧૨માં તેઓ ક્રિકેટર હોવાના નાતે દેશનું નામ રોશન કર્યું હોવાનું કારણ આગળ ધરી જમીન આપવાની ભલામણ કરી હતી. જોકે, તે સમયે યુસુફ પઠાણ કોઈ રાજકીય પક્ષમાં નહોતા કે સાંસદ નહોતા, તેથી જૂન ૨૦૧૪માં શહેરી વિકાસ વિભાગે આ દરખાસ્ત નામંજૂર કરીને પરત મોકલી હતી. વર્ષ ૨૦૧૪માં દરખાસ્ત નામંજૂર થયા બાદ ૨૦૨૪ સુધી આ જમીન પર કોઈ કાર્યવાહી થઈ નહોતી. પરંતુ, જેવા યુસુફ પઠાણ તૃણમૂલ કોંગ્રેસ (TMC)માંથી સાંસદ બન્યા અને ભાજપ-એનડીએ સરકારની વિરુદ્ધમાં હતા ત્યારે કોર્પોરેશને ૨૦૨૪માં ગેરકાયદેસર કબજો ખાલી કરવા અને લેન્ડ ગ્રેબિંગની કાર્યવાહી કરવાની નોટિસ ફટકારી હતી. આ નોટિસ સામે યુસુફ પઠાણે હાઈકોર્ટમાં અપીલ કરતા સિંગલ અને ડબલ બંને બેન્ચે તેમની અપીલ ફગાવી દઈને જંત્રી મુજબ આશરે ૨૦ કરોડ રૂપિયાની કિંમત વસૂલવા અને તાત્કાલિક જમીનનો કબજો ખાલી કરાવવા સ્પષ્ટ આદેશ આપ્યો હતો.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME (OLD NAME) VRAJESH RAJESHBHAI KAMLI (NEW NAME) VRAJESH RAJESHKUMAR KAMLI ADDRESS : H.NO : 7/1, RINGANWADA,NANI DAMAN, DAMAN – 396 210.

CHANGE OF NAME

I HAVE CHANAGED MY NAME (OLD NAME) ABHAYKUMAR RAJESHBHAI KAMLI (NEW NAME) ABHAYKUMAR RAJESHKUMAR KAMLI ADDRESS : H.NO : 7/1, RINGANWADA,NANI DAMAN, DAMAN – 396 210.

PUBLIC NOTICE

THAT THIS NOTICE is hereby published by Adv. Shailesh Mishra, Sarvam Legal (SV) under the instructions of Ms. Vaishali Nandkishore Shah (Legal Guardian of Virag Praveen Gulechha) on behalf of Master Virag Praveen Gulechha to declare that Late Mr. Praveen Gulechha, during his lifetime was the owner, occupier and possessor of Flat No. 103 admeasuring 785 sq. ft. equivalent to 72.95 sq. mtrs. (Super built-up area) on the First Floor of the building known as "ADINATH SOCIETY" constructed on the land bearing Plot No. 173/1 admeasuring 250 Sq. Mtrs. and Plot No. 173/3 admeasuring 600 Sq. Mtrs. totally admeasuring 850 Sq. Mtrs. situated at village Silvassa, Union Territory of Dadra and Nagar Havell and Daman and Diu - 396230, having property I'd No.: S06027582000. That, Late Mr. Praveen Gulechha died intestate on 06.12.2023 and the legal heirs of Late Mr. Praveen Gulechha as per the Heirship Certificate bearing No. - MAM/SIL/Heirship Certificate/364/2023-24/167.dt. 29/02/2024 is as follows:

Sr.No.	Name	Age	Relation with Late Mr. Praveen Gulechha
1.	Virag Praveen Gulechha (Through his mother and legal guardian Vaishali Nandkishore Shah)	14	Son

That Ms. Vaishali Nandkishore Shah (Legal Guardian of Virag Praveen Gulechha) has made an application on behalf of Virag Praveen Gulechha to the Silvassa Municipal Council for the transfer of the aforementioned property in the name of her minor son, Virag Praveen Gulechha. Hence through this public notice it is intimated that if anybody has any kind of objection, claim, lien charge and encumbrance of whatsoever nature in respect of following property the same shall be intimated to the undersigned within 15(fifteen) days from the publication of this notice. That, no claims will be entertained thereafter.

Date : 18/11/2026
Place : Silvassa

SARVAM LEGAL
Sd/-
Partner
Adv. Shailesh Mishra

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામ,
ઉમરગામ-નારગોલ કોસ્ટલ હાઈવે રોડ, ઉમરગામ ટાઉન
તા.ઉમરગામ, જી.વલસાડ
ફોન નંબર - ૦૨૬૦-૨૫૬૨૦૮૯

નં.એમએજી-૨/જ.મ. નોંધણી/રજી.૨૨૦/૨૦૨૬/વશી ૧૫૨૨-૧૫૨૪/૨૦૨૬ તા.૩૦/૯/૨૦૨૬

પ્રતિ,
બેબીબેન નટવરલાલ પટેલ
તે કેશવ બુધીયા કામળીની પુત્રી
રહે. મુ.પો. દેહરી, કામરવાડ
મો.૯૯૦૪૦૪૩૬૯૯ તા.ઉમરગામ, જી.વલસાડ

વિષય : જન્મ/મરણ નોંધણી અરજી નંબર ૨૨૦/૨૦૨૬ના જુબાનીના કામે હાજર રહેવા બાબત

આથી તમોને જણાવવામાં આવે છે કે, જન્મ/મરણ નોંધણી અરજી નંબર ૨૨૦/૨૦૨૬ અત્રેની કચેરીમાં દાખલ કરી તમારા પિતા સ્વ. કેશવ બુધીયા કામળીનું મરણ તા.૧૮-૦૪-૧૯૭૨ના રોજ મોજે દેહરી કામરવાડ તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલ હોવાનું જણાવી મરણના દાખલાની માંગણી કરેલ છે. જેથી તમો તમારા સાહેદ સાથે જુબાનીના કામે ઓળખના પુરાવા સાથે અત્રેની કોર્ટમાં તા.૩-૧૧-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અચુક હાજર રહેવું. જેની નોંધ લેશો.

નોંધ : સુનાવણી અર્થ મામલતદાર કચેરી ઉમરગામ તા.ઉમરગામ ખાતે હાજર રહેવાનું રહેશે.

સહી/-
મામલતદાર અને કાર્યપાલક
મેજીસ્ટ્રેટ ઉમરગામ

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામ,
ઉમરગામ-નારગોલ કોસ્ટલ હાઈવે રોડ, ઉમરગામ ટાઉન
તા.ઉમરગામ, જી.વલસાડ
ફોન નંબર - ૦૨૬૦-૨૫૬૨૦૮૯

નં.એમએજી-૨/જ.મ. નોંધણી/રજી.૧૬૭/૨૦૨૬/વશી ૧૫૯૯-૧૫૨૧/૨૦૨૬ તા.૩૦/૯/૨૦૨૬

પ્રતિ,
શ્રી ભગવાન નારણ ભંડારી,
રહે. મુ.પો. નારગોલ, નવા તળાવ-૩
મો.૯૬૩૮૪૨૩૬૦૬ તા.ઉમરગામ, જી.વલસાડ

વિષય : જન્મ/મરણ નોંધણી અરજી નંબર ૧૬૭/૨૦૨૬ના જુબાનીના કામે હાજર રહેવા બાબત

આથી તમોને જણાવવામાં આવે છે કે, જન્મ/મરણ નોંધણી અરજી નંબર ૧૬૭/૨૦૨૬ અત્રેની કચેરીમાં દાખલ કરી તમારા માતા સ્વ. દેવલી નારણભાઈ ભંડારીનું મરણ તા.૦૧-૧૦-૧૯૯૮ના રોજ મોજે નારગોલ, નવાતળાવ-૩ તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલ હોવાનું જણાવી મરણના દાખલાની માંગણી કરેલ છે. જેથી તમો તમારા સાહેદ સાથે જુબાની કામે ઓળખના પુરાવા સાથે અત્રેની કોર્ટમાં તા.૦૩-૧૧-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અચુક હાજર રહેવું જેની નોંધ લેશો.

નોંધ : સુનાવણી અર્થ મામલતદાર કચેરી ઉમરગામ, તા.ઉમરગામ ખાતે હાજર રહેવાનું રહેશે.

સહી/-
મામલતદાર અને કાર્યપાલક
મેજીસ્ટ્રેટ ઉમરગામ

No.MAM/SIL/RTS/RBD-DNH/149/Birth/2026/3692 Dated: 13/7/2026

APPLICANT- Rambabu Shyamnandan Rai, Presently residing at- Padripada, Masat, DNH.
Mo 962425218

V/S

OPPONENTS- The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.

NOTICE

The public to take note that the above, named applicant Rambabu Shyamnandan Rai's daughter, namely Shivani Rambabu Rai, who was born on 19/03/2013 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Shivani Rambabu Rai. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I







Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઇ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Wednesday 18, November 2026

દમણગંગા ટાઇમ્સ

વાપી પાસેથી રૂા.૧૩ કરોડની સોપારી ભરેલી ૧૦ ટ્રક ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : વાપીના દેગામ કરવડ રોડ પાસેથી ૧૩ કરોડની સોપારી ભરેલી ૧૦ ટ્રક ઝડપાઈ આવતા ભારે ચકચાર મચી ગઈ છે. એસઓજી વાપી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન તમામ ટ્રકો ઝડપી પાડી તપાસ માટે જીએસટી વિભાગને સુપ્રત કરી છે.

પ્રાથમિક તપાસમાં ૧૦ ટ્રકમાં કર્ણાટકથી ભરેલી ૧૩ કરોડની સોપારી દિલ્હી લઈ જવામાં આવી રહી હોવાનું બહાર આવ્યું છે. જીએસટી વિભાગ આ અંગે વધુ તપાસ કરી રહ્યું છે.

મળતી માહિતી મુજબ એસઓજી વાપી પોલીસના પીએસઆઈ સુસલદે અને તેમની ટીમ દેગામ કરવડ રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન શંકાસ્પદ રીતે ઉભેલી ટ્રકો નજરે પડી હતી. પોલીસે તમામ ટ્રકોની તલાશી લેતા તેમાં મોટા પ્રમાણમાં સોપારી ભરેલી હોવાનું જણાયું હતું. ટ્રક ચાલકો પાસે સોપારી અંગેના પૂરતા કાગળો માંગતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. ત્યારબાદ પોલીસે તમામ ૧૦ ટ્રકને કબ્જે કરી જીએસટી વિભાગને જાણ કરી હતી. જીએસટી વિભાગની ટીમે સ્થળ પર પહોંચી ટ્રકોમાં ભરેલી સોપારીની તપાસ શરૂ કરી છે. સોપારીનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો, તેના બિલ, ઈ-વે બિલ અને જીએસટી અંગેના દસ્તાવેજો સાચા છે કે કેમ, તેમજ તેનો ઉપયોગ ક્યાં થવાનો હતો, તે દિશામાં તપાસ ચાલી રહી છે.

કર્ણાટકથી દિલ્હી સુધી સોપારી લઈ જવાના આટલા મોટા જથ્થા પાછળ કોઈ મોટું રેકેટ હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. શું આ સોપારી કાયદેસર રીતે વેપાર માટે લઈ જવાતી હતી કે પછી ટેક્સ ચોરી માટે બોગસ બિલિંગનો ઉપયોગ થયો છે, તે જીએસટીની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

હાલમાં તમામ ટ્રક અને સોપારીનો જથ્થો જીએસટી વિભાગના કબ્જામાં છે. પોલીસે પણ આ મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. આટલી મોટી માત્રામાં સોપારી ઝડપાતા વેપારી આલમમાં પણ ચર્ચા શરૂ થઈ છે.

ફડવેલમાંથી દીપડી પાંજરે પુરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા.૧૭ : ચીખલી તાલુકાના ફડવેલ ગામ સહિત આજુબાજુના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતોના પાળેલ બકરા તેમજ પશુઓને શિકાર બનાવતી એક દીપડી આ વિસ્તારમાં ફરતી હોવાનું ચીખલી વન વિભાગને જાણ કરાતા ચીખલી વન વિભાગ દ્વારા એક દિવસ અગાઉ ફડવેલ ગામના જીતેન્દ્રભાઈ જીવણભાઈ ના ખેતરમાં એક પાંજરું ગોઠવવામાં આવ્યું હતું જેમાં મોડી રાત્રે એક કદાવર ત્રણ વર્ષની દીપડી પાંજરે પુરાતા ચીખલી વન વિભાગ દ્વારા આ દીપડી નો કબજો મેળવી જેની વેટરનરી ડોક્ટર પાસે તપાસ કરાવી જેને ફરીથી જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરી છે.

વિસરાતી જતી પરંપરાગત રમતોને જાળવી રાખવા

વલસાડ જિલ્લામાં ગ્રામીણ રમતોત્સવ યોજાયો





તમામ તાલુકાઓમાં કબડ્ડી, ખો-ખો, ગીલી-દંડો, લખોટી, લંગડી, દોરડા ખેંચ અને ભમરડો સહિતની રમતો રમાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૭ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવાતા 'જનજાતિય ગૌરવ દિવસ' અંતર્ગત વલસાડ જિલ્લામાં મંગળવારે વિવિધ સ્થળોએ પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોમાં આપણી સંસ્કૃતિ અને દેશી રમતો પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી રસ્સાખેંચ, લંગડી, ભમરડો, વોલીબોલ, કબડ્ડી, સાતડીયું, ત્રીપગી દોડ, કોથળા દોડ, લીંબું ચમચી અને લખોટી જેવી રમતો રમાડવામાં આવી હતી જેમાં ૧૧૭૬ રમતવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વલસાડમાં બાઈ આવાબાઈ સ્કૂલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધરમપુરમાં એસએમએસએમ હાઈસ્કૂલ ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડામાં એન.આર.રાઉત માધ્યમિક શાળા ખાતે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ઉમરગામમાં નગરપાલિકા ક્રિકેટ ગ્રાઉન્ડ પર બીચ પાસે ધારાસભ્ય રમણલાલ પાટકર અને પારડીમાં ડીસીઓ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલની અધ્યક્ષતામાં વિસરાતી જતી પરંપરાગત રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવ -સંગે ઉપસ્થિત મહાનુભાવોએ રમતવીરોને આ રમતોત્સવનો ઉદ્દેશ્ય સમજાવતા જણાવ્યું કે, આજના આધુનિક યુગમાં બાળકો અને યુવાનોનો મોટાભાગનો સમય મોબાઈલ સ્ક્રીન, વિડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયા પાછળ વેડફી રહ્યા છે, ત્યારે આપણી સંસ્કૃતિ અને માટીની સુગંધ સાથે જોડાયેલી ગ્રામિણ રમતોને યાદ કરવાનો આ ઉત્સવ ખરેખર એક અનોખું સંસ્કારસભર પગલું છે. આપણી પરંપરાગત રમતો માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની ચાવી છે. જેમાં કબડ્ડી, ખો-ખો, ગીલી-દંડો, લખોટી, સાતતાળી (લંગડી), દોરડા ખેંચ અને ભમરડો ફેરવવો તથા અન્ય રમતોનો સમાવેશ થાય છે. આ બધી રમતો આપણા વડીલોની આગવી ઓળખ રહી છે. આ રમતો આપણા શરીરને મજબૂત, ચપળ અને નિરોગી બનાવે છે. સૌથી મોટી વાત એ છે કે, આ ગ્રામિણ રમતો આપણામાં ભાઈચારો અને ટીમ વર્કની ભાવના કેળવે છે. હાર અને જીતને હસતા મોઢે સ્વીકારતા આ રમતો આપણને શીખવે છે. જ્યારે આપણે મેદાન પર સાથે દોડીએ છીએ અને રમીએ છીએ, ત્યારે મોબાઈલ સ્ક્રીન પાછળ એકલવાયું જીવન જીવતા બાળકો સાચા અર્થમાં સામાજિક બને છે. આજે આ રમતોત્સવના માધ્યમથી આપણે માત્ર રમવાનું નથી, પરંતુ આપણી જૂની અને અમૂલ્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરવાની છે. આપણે સંકલ્પ કરીએ કે, માત્ર આજનો દિવસ જ નહીં, પરંતુ આપણા દૈનિક જીવનમાં પણ આપણે શારીરિક શ્રમ માંગતી આ રમતોને સ્થાન આપીશું. આ પરંપરાગત રમતોમાં અંડર-૧૫ (ભાઈઓ/બહેનો) માટે લીંબું ચમચી, લંગડી, ત્રીપગી દોડ અને કોથળા દોડ, લખોટી તેમજ અબવ-૧૫ માટે રસ્સાખેંચ, કબડ્ડી, સાતડીયું, કોથળા દોડ, લીંબું ચમચી, વોલીબોલ અને ભમરડાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડમાં ૨૫૮, ધરમપુરમાં ૨૦૪, કપરાડામાં ૨૨૨, ઉમરગામમાં ૨૮૨, પારડીમાં ૨૧૦ મળી કુલ ૧૧૭૬ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પરંપરાગત રમતોની મજા માણી હતી. વિજેતાઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ડ મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર વડે સન્માનિત કરી -ોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કરવડમાં ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે મૃતકનો રૂા. ૯૨ હજારનો સામાન પોલીસને સોંપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : વાપી તાલુકાના કરવડગામે નાયરા પેટ્રોલ પંપ પાસે રાત્રિના ૮ કલાકે અકસ્માત થયાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને થતા ઘટના સ્થળ પર પહોંચવા પહેલા ફોન ઉપર જ પ્રાથમિક સારવાર આપી હતી. ૧૦૮ ગાડી સ્થળ પર પહોંચતા પેશન્ટને હાથમાં ફ્રેક્ચર અને માથામાં ઈજા થઈ હતી હોવાનું જણાતા તેમને સપાઇન બોર્ડ પર લઈ સર્વાઈકલ કોલર લગાડી હાથમાં ફ્રેક્ચર હોવાથી સ્પ્લિટ કરીને એમ્બ્યુલન્સમાં લીધા પછી



ઘાયલ વ્યકિતની તપાસ કરતા સ્થળ પર જ મૃત્યુ પામ્યો હોવાનું જણાયુ હતું.

ઘટના સ્થળે મૃતક પાસેથી રૂ.૪૦,૧૦૦ રોકડા અને રૂ. ૫૨ હજારના બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. કુલ રૂ. ૯૨,૧૦૦નો આ કિંમતનો સામાન ૧૦૮ની ટીમે પારડી પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

પારડી પોલીસે ૧૦૮ ટીમના ઈએમટી શિલ્પા રાઠોડ અને પાઈલોટ પરેશ મોકાશીની ઈમાનદારી અને ફરજ પ્રત્યેની વફાદારીને બિરદાવી તેમનો આભાર માન્યો હતો.

જ્યારે ૧૦૮ના પ્રોગામ મેનેજર હેમંત સોલંકીએ બંને પ્રમાણિક અને કર્મનિષ્ઠ ઈએમટી અને પાઈલોટને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

નેમિનાથ ટ્રેડર્સ



ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com

વાપીમાં ગુરુવારે ભાજપાની પદયાત્રા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૭ : વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા 'લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો'ના નારા સાથે આગામી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વાપીમાં વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા સાંજે ૪ વાગ્યે હોટેલ પેપિલોન ચાર રસ્તા સ્થિત શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતેથી પ્રારંભ થશે.

જે ગુંજન વંદે માતરમ ચોક થી રોફેલ ગ્રીન કોલેજ રેમન સર્કલ થી હરિયા હોસ્પિટલ અંબે માતા મંદિર સર્કલથી પરત ગુંજન થઈ શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતે પૂર્ણ થશે

આ પદયાત્રા રાજ્યના નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ તથા મંત્રી કાંતિભાઈ અમૃતિયાના નેતૃત્વમાં યોજાશે.



State Action Plan for Containment of Antimicrobial Resistance GUJARAT
Preserve Antibiotics ! Protect Lives

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન



વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહ (તા. ૧૮-૨૪ નવેમ્બર ૨૦૨૬)

એન્ટિબાયોટિક્સનો બેફામ અને બેજવાબદાર ઉપયોગ સુપરબગ્સને જન્મ આપે છે

કોવિડ જેવો જ ખતરનાક છે સુપરબગ્સ



આવો, એન્ટિબાયોટિક્સને બિનઅસરકારક થતાં અટકાવીએ

"સ્વસ્થ સમાજના નિર્માણ અને સુપરબગ્સ સામેની લડાઈમાં સહભાગી બનો, એન્ટિબાયોટિક્સનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરો અને દવાનો કોર્સ અવશ્ય પૂર્ણ કરો."
હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"તબીબની સલાહ વિના ક્યારેય એન્ટિબાયોટિક્સ ન લો, ગમે તેટલું સારું લાગે તો પણ અધવચ્ચે એન્ટિબાયોટિક્સ બંધ ન કરો."
પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય મંત્રી, ગુજરાત સરકાર

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**